

# કબીરા સોઈ પીર હૈ

GJ 891.471 5
D 451 K

ડૉ. મહેબૂબ દેસાઈ

INDIAN INSTITUTE
OF
ADVANCED STUDY
LIBRARY, SHIMLA

# "કબીરા સોઈ પીર હૈ...."

ડૉ. મહેબૂબ દેસાઈ

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા ૩૯૦૦૦૧

દશ રૂપિયા

Library IIAS, Shimla
GJ 891.471 5 D 451 K
00130338

પ્રથમ આવૃત્તિ
ઓગસ્ટ ૧૯૯૭ પ્રત ૧,૦૦૦

Indian Institute of Advanced Study
Acc. No. 130338
Date 14-9-2010
Simla

GJ
891.4715
D451K

લેસર કંપોઝ
જ્યોતિ ગ્રાફિક્સ
વડીવાડી પટેલ ફળિયું, ટાવર, વડોદરા.

મુદ્રક
મધુ પેકેજિંગ
બહુચરાજી રોડ, કારેલીબાગ, વડોદરા.

પ્રકાશક
કાન્તિ શાહ
યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરાતપાગા, વડોદરા.

# પ્ર વે શ

**ભા**રતની પ્રાચીન અને આપણે ગૌરવ લઈ શકીએ તેવી સંસ્કૃતિમાં આદિકાળથી વેદો અસ્તિત્વમાં છે. કહે છે કે તે અપૌરુષેય છે. તેની રચના કરનાર પુરુષનો પત્તો નથી. માનવ વાંચતો-લખતો થયો તે પહેલાંના કાળના વેદો છે. ગુરુ-શિષ્ય પરંપરામાં કર્ણોપકર્ણ તેની ઋચાઓ કંઠસ્થ થતી. લખવાની લિપી મળી ત્યારે તે લિપીબદ્ધ થયા. ચાર વેદોમાંયે સૌથી જૂનો વેદ છે ઋગ્વેદ. ઋગ્વેદનો એક મંત્ર કહે છે :

आ नो भद्राः क्रतवः यन्तु विश्वतः ॥

વિશ્વમાંથી ઉત્તમ વિચારો અમને પ્રાપ્ત થાઓ.

માનવ પહેલો આવ્યો, પછી ધર્મો આવ્યા. માનવધર્મ પહેલો, છેલ્લો ને સાચો છે. બીજા કહેવાતા ધર્મો સંપ્રદાયો છે ને માનવધર્મના પૂરક છે.

ધર્મ હિન્દુ હોય, જરથોસ્તી હોય, બૌદ્ધ, જૈન, ખ્રિસ્તી, ઇસ્લામ કે શીખ કે બીજો હોય – તે દરેકની સ્થાપનાનો ગાળો ઇતિહાસમાં અંદાજાયો છે. મોટા ભાગના ધર્મોના સ્થાપકો જાણીતા છે. તેઓ આવ્યા તે પહેલાં માનવ હતો, સમાજ હતો, સમાજધર્મ તો હતો જ. કાળે કાળે અધર્મ ફેલાયો. માનવતાને આંચ આવી તેમાંથી કોઈક મહામાનવ બહાર આવ્યો ને તેણે પરમ તત્ત્વની પ્રેરણા લઈ ધર્મ સ્થાપ્યો. કહો ને કે માનવ જાતને સ્વધર્મની પુનઃ યાદ આપી. તેની અસરમાં કેટલાયે માનવો ઊંચે ચડી પ્રેરક જીવન જીવી ગયા.

તે રીતે દુનિયાભરમાં સંતો-ભક્તો-ઓલિયા-ફિરસ્તા-પયગંબરો આવ્યા ને ઉચ્ચ જીવન ચિંધતા ગયા છે. આપણે તે બધામાંથી સારું સારું ગાંઠે બાંધવાનું છે. સદ્‌ગુણનો કોઈ પેટન્ટ નથી લેવાતો. ગુણને સજે તેનો તે ગુણ છે.

ધર્મો લડાઈ-ઝઘડા કરાવવા માટે નથી હોતા. ધર્મ કોઈની બાપિકી મિલકત નથી. પાળે તેનો ધર્મ છે. તેથી જ ગાંધીજીએ અનેક ધર્માવલંબીઓ વાળા ભારત દેશમાં સર્વધર્મ સમભાવનું વ્રત અનેકોને લેવડાવ્યું. સત્ય-અહિંસા-બ્રહ્મચર્ય-અભય જેવાં શાશ્વત વ્રતોની સાથે શરીરશ્રમ, સ્વદેશી, અસ્પૃશ્યતા-નિવારણ અને 'સર્વધર્મ સમાનત્વ' - નેય જીવનવ્રતમાં સામેલ કર્યું. રોજ સવાર-સાંજની આશ્રમની પ્રાર્થનામાં આ અગિયાર વ્રતોનું રટણ થતું.

દીર્ઘદષ્ટિથી ગાંધીબાપુએ જોયેલું કે 'સર્વધર્મ સમભાવ' ત્યારે જ સધાય જ્યારે પોતાના ને બીજાના ધર્મોનાં સદ્‌તત્ત્વોનો પરિચય થાય. ધર્માજ્ઞાઓ સિદ્ધાંત (Theory) છે. પણ ધાર્મિકોનાં જીવન પ્રત્યક્ષ, અનુભવયુક્ત, આચરણ (Practical) છે. સિદ્ધાંતોનું જ્ઞાન વાદ-વિવાદ-વિતંડાવાદમાં સરી જાય છે પણ આચરણો પ્રેરક બને છે. આચારવાન નમ્ર બને છે. ધૈર્યનું સાચું દર્શન આચરણમાં થાય છે. કહેવાયેલું નહીં, જીવનમાં વણાયેલું જ સામાન્ય જન માને છે, સમજે છે.

ધર્મોના પ્રચારમાંયે વિદ્વત્તા, વાદવિવાદ, ખંડન-મંડન, બળજબરી જ્યાં જ્યાં થયાં છે ત્યાં ત્યાં માનવનું સત્ત્વ હણાયું છે. માનવ હેઠો ઊતર્યો છે. ભલા, કોઈને

નીચે પાડીને તે ધર્મકાર્ય થઈ શકતું હશે ? કોઈની માલમિલકત તોડવી, બાળવી, કોઈનો જાન લેવો, અરે, કોઈનું અપમાન કરવાથીયે ધર્મનો પ્રચાર કે ધર્મનો બચાવ થઈ શકતો હશે ?

આજે ધર્મના નામે કેટકેટલો ભય ફેલાયો છે ! જે ધર્મો માનવને ઊંચે ચડાવવા માટે સ્થપાયેલા તેના નામે જ આજે માનવ-માનવ લડે છે ! ધર્મની તલવાર લઈ, ધર્મની ગાળો બોલી લોકો લડે છે ! તેઓ પોતાને ગર્વથી ધાર્મિક કહેવડાવે છે ! ધર્મને અને ગર્વને આકાશ-પાતાળ જેટલું છેટું છે તેવી સામાન્ય વાત સમજાતી નથી. જ્યાં અભિમાન, હિંસા, ઈર્ષા, સ્વાર્થ, જોહુકમી હોય ત્યાં ધર્મ નહીં, અધર્મ જ હોય; અને જ્યાં નમ્રતા, પ્રેમ, પરોપકાર, ત્યાગ હોય ત્યાં ધર્મ હોય. આટલી સાદી વાત સામાન્ય જનને સમજાવી જોઈએ.

એક સંતભક્તે ગાયું છે :

પશુ કી પનિયા ભઈ, નર કી કછુ ન હોય,<br>
નર જો કરની કરે, (તો) નર કો નારાયણ હોય.

અન્ય જીવ-જંતુ, પશુ-પંખીની જેમ માનવ પણ એક પ્રાણી જ છે. આહાર-નિદ્રા-ભય-મૈથુન એ ચાર પ્રાણીમાત્રની સામાન્ય પ્રવૃત્તિ છે. મનુષ્ય તે બાબતમાં પ્રકૃતિથી ઉપર ઊઠે છે. પશુના ચામડાનાં પગરખાં બને છે જ્યારે માણસના શરીરનું કોઈ અંગ ખપનું નથી. પરંતુ નર એવી કરણી કરે (સાધના કરે, સિદ્ધિ મેળવે) તો નરમાંથી નારાયણ થઈ શકે છે. માનવજાતમાં વિવિધ કાળમાં ને વિવિધ દેશોમાં આવા નારાયણો થઈ ગયા છે. તેઓ જીવ્યા બીજાને માટે. કોઈનેય ઘસરકો ન પડે તે રીતે પોતે જીવતા જીવતા દુનિયા સામે દૃષ્ટાંત મૂકતા ગયા.

આ પુસ્તિકામાં ભાઈ મહેબૂબ દેસાઈએ સાચા ધાર્મિકોના જીવન-પ્રસંગો વર્ણવ્યા છે. આપણી બહુમતી પ્રજા જેમને જાણતી નથી એવા સંતો-ઓલિયાઓનાં જીવનની ધર્માચરણની વાતો-બનાવો આપણને સંકુચિત નહીં, વિશાળ માનવજાતિ માટેના ધર્મનો સ્પર્શ કરાવશે, ઉદાર બનાવશે, પ્રેમ કરતાં શીખવાડશે, નમ્ર બનાવશે.

છાપાંઓમાં અવાર-નવાર પ્રકાશિત થયેલ આ પ્રસંગો પુસ્તિકારૂપે આવે છે. તેનો પરિચય લખવાનું મહેબૂબભાઈએ ભાવનગરના જ એક સુજ્ઞ આચાર્ય શ્રી જયેન્દ્રભાઈ ત્રિવેદીને કહેલું. તેમણે તે સ્વીકારેલું. પણ લખવાનો સમય કાઢે તે પહેલાં જ તેઓ જીવનનો પમરાટ મૂકી આ ફાની દુનિયામાંથી ઓચિંતા વિદાય થઈ ગયા. આ ટાણે એક સાચા આચાર્યને શ્રદ્ધાંજલિ સમર્પી આ પુસ્તિકા ધર્મપ્રેમી જનતા સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. વાચકો તેને જરૂર આવકારશે.

— જગદીશ શાહ

વિનોબા આશ્રમ,<br>
ગોત્રી, વડોદરા - ૨૧<br>
રક્ષાબંધન : ૧૮-૮-'૯૭

INDIAN INSTITUTE OF ADVANCED STUDY
Acc. No.
Date

# માનવધર્મ ઇસ્લામ

હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) એ ફરમાવ્યું છે :

'મને એટલા માટે પૈગંબર બનાવવામાં આવ્યો છે કે હું સારા સંસ્કારો, સારી રીતભાત અને સભ્ય જીવનને સમાજમાં સાકાર કરું.'

ઇસ્લામ દ્વારા અરબસ્તાનમાં વ્યાપેલ જંગલીયતને માનવતાના પાઠો ભણાવવા આવી પહોંચેલા ખુદાના આ પૈગંબર મહંમદ (સ.અ.વ.) નું આ કથન ઇસ્લામના માનવીય સિદ્ધાંતો તરફ આંગળી ચીંધે છે. ઇસ્લામ એટલે નમાઝ, રોઝા, જકાત અને હજ્જ - એવું મર્યાદિત અર્થઘટન બરાબર નથી. બહારથી નમાઝ, રોઝા, જકાત, હજ્જ અદા કરનાર મુસ્લિમ અંદરખાને હરામની કમાઈ કરે, જૂઠું બોલે, ગીબત કરે, કે નેક મુસ્લિમને ન છાજે તેવાં તમામ અપકૃત્યો કરે તો તેની ઇબાદતનું પરિણામ શૂન્ય જ રહે છે. કારણ કે ઇસ્લામના તત્ત્વજ્ઞાનનું હાર્દ ઈન્સાનને નેક બનાવવાનું છે. ઇસ્લામની ચાર ફરજોના પાલન પાછળનો હેતુ પણ ઇન્સાનને સાચો ઇન્સાન અને નેક બનાવવાનો છે. જે મુસ્લિમ ઇસ્લામની ચારે ફરજોને આંખ બંધ કરી સ્વીકારે પણ માનવીય મૂલ્યો પ્રત્યેનો તેનો અભિગમ અમાનવીય હોય તો તે ઇસ્લામનો સાચો અનુયાયી નથી.

અરબસ્તાનના એ સમયના માહોલમાં ગુલામી પ્રથા અત્યંત પ્રચલિત હતી. ગુલામો પ્રત્યે જાનવર જેવું વર્તન દાખવવામાં આવતું. આમ છતાં ગુલામો સાથે પણ માનવીય વલણ દાખવી, માનવતાની મહેકને ઇસ્લામે જીવંત રાખી હતી.

એક વખત હઝરત ઇમામ હસન (ર.અ.) જમવા બેઠા હતા. ગુલામ તેમને પીરસી રહ્યો હતો. પીરસતા સમયે ગુલામની ભૂલને કારણે ગરમ ગરમ શાક આપના પર ઢોળાયું. પ્રથમ તો આપનો ચહેરો લાલઘૂમ થઈ ગયો. ગુલામ આપના ચહેરાને જોઈ બોલી ઊઠ્યો,

'અલ કાઝીમીનલ ગૈઝા'. અર્થાત્ મુસ્લિમ એ છે જે ગુસ્સાને ગળી જાય છે.

ગુલામના મોં પર ઇસ્લામનો સબક સાંભળી આપ ખુશ થયા અને ફરમાવ્યું,

' હું મારો ગુસ્સો ગળી ગયો છું, ને તને ક્ષમા આપું છું.'

ગુલામ આ સાંભળીને બોલ્યો,

' વલ્લાહો મુહિબ્બુલ મુહસેનીન,' અર્થાત્ ખુદા દયા કરનારાઓને ચાહે છે.

આપ ગુલામના આ શબ્દોથી અત્યંત પ્રભાવિત થયા અને બોલ્યા,

' જા, આજથી હું તને મારી ગુલામીમાંથી મુક્ત કરું છું.'

હંટરની છાયામાં જીવતા ગુલામો સાથે આવું માનવીય વર્તન ઇસ્લામના તત્ત્વજ્ઞાનની જ દેન છે. ઇસ્લામે આજથી સાડા ચૌદસો વર્ષ પહેલાં જીવન વ્યવહારના રજૂ કરેલા આવા સિદ્ધાંતો આજે આટલાં વર્ષો પછી પણ તાજા અને સાચા લાગે છે. જેમ કે વચનકરારનો ભંગ ન કરશો, અનાથ સાથે તોછડાઈ કે ક્રોધ ન કરશો, ન્યાય સમયે આપણા કે પરાયા જેવો ભેદ ન રાખશો, ફકીર કે જરૂરતમંદને અપમાનિત ન કરશો, મહેમાન દોસ્ત હોય કે દુશ્મન, વ્યવહાર સરખો રાખશો, ધર્મની બાબતમાં બળજબરી ન કરશો — આવા તો અનેક સિદ્ધાંતો ઇસ્લામના તત્ત્વજ્ઞાનના પાયામાં છે, જેણે ઇસ્લામને માનવધર્મ તરીકે સ્થાપિત કર્યો છે. ઇસ્લામના પૈગંબરોએ ઇસ્લામના આ સિદ્ધાંતોને અસરકારક રીતે પોતાના જીવનવ્યવહારમાં વણ્યા હતા. હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) સાહેબનું જીવન તેનું ઉત્તમ ઉદાહરણ છે.

એક વાર લડાઈમાં અનાજ ખૂટી ગયું. સૈનિકો ભૂખ્યા તરસ્યા ટળવળવા લાગ્યા. અચાનક થોડે દૂર કોઈકના બકરા ચરતા હતા, તેના પર સિપાઈઓની નજર પડી. ભૂખથી બેબાકળા બનેલા સૈનિકો શિષ્ટાચાર ભૂલી દોડ્યા અને બકરાને પકડી ઝબ્હ (કુરબાની) કરી ભોજન પકાવ્યું. હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) સાહેબને આની જાણ થઈ અને આપે ભોજનનાં વાસણો ઊલટાવી નાખ્યાં અને ફરમાવ્યું :

'લૂંટ અને ચોરીના માલથી પેટ ભરવું હરામ છે.'

નૈતિક મૂલ્યોનું આવું જતન કરનાર હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) સાહેબે લાઘવ અને સરળ ભાષામાં એ સમયની જંગલી પ્રજા સમક્ષ બોધવાક્યો રજૂ કર્યાં હતાં : "જે ક્ષમા કરે છે તે મામલો સુધારી લે છે. જે ગુસ્સો ગળી જાય તે અહેસાન કરે છે. નજર નિર્મળ, રહેણી-કરણી, વ્યવહાર શુદ્ધ અને મુરાદ (ઇચ્છા) નેક રાખો. ટંટો-ફિસાદ, હુલ્લડ - ચોરી - લૂંટ - બળાત્કાર - ભ્રષ્ટાચારથી દૂર રહો. ભલાઈનાં, નેકીનાં, અહેસાન - ખિદમતનાં, માનવતાનાં કામોમાં તન, મનથી લાગી જાવ. ગરીબ ગુરબાનો હિસ્સો હંમેશા કાઢો. વ્યાજ ન લો. અનાથ, હતભાગી, દીનદુ:ખી, નિ:સહાય તરફ માયાળુ બનો. તેના મદદગાર બનો.''

— આવા સદ્‌વિચારો માનવસમાજમાં પ્રસરાવનાર હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) સાહેબ કહેતા,

'નબીઓનો કોઈ એક વારસદાર નથી હોતો. તેઓ જે કંઈ મૂકી જાય છે તેમાં દરેક નેક ઇન્સાનનો હિસ્સો છે.'

અને તેમના આ કથનને સાકાર કરવામાં આવ્યું. તેમની આ દુનિયાની વિદાય પછી તેમની ભૌતિક મિલ્કત — એક સફેદ ખચ્ચર, થોડી જમીન ગરીબ - અનાથ વચ્ચે વહેંચી દેવામાં આવી. પણ તેમના જ્ઞાનનો - ઉપદેશનો વારસો તો દરેક નૈતિક ઇન્સાનને સાંપડ્યો છે. આ વારસો જેટલો વધુ વહેંચાશે તેટલો ઇન્સાન સાચો બનતો જશે, એમાં બે મત નથી.

★★★

**બ**લ્ખની બાદશાહત છોડી ફકીરી ધારણ કરનાર હઝરત **ઇબ્રાહીમ અદહમ** (ર.અ.) પાસે તેમના મુરીદો (શિષ્યો) બેઠા હતા. બધા પોતાને મૂંઝવતા **પ્રશ્નો** પૂછી રહ્યા હતા. ઝૂંપડીના એક ખૂણામાં એક મુરીદ મૌન બેઠો હતો. બધાએ **પ્રશ્નો** પૂછી લીધા પછી એ બોલ્યો,

' હઝરત, ખુદાને હાથ ઊંચા કરી હું હંમેશા દુવા (પ્રાર્થના) કરું છું, છતાં ખુદા મારી દુવા કેમ કબૂલ કરતો નથી ?'

આપે તે મુરીદને પોતાની પાસે બોલાવ્યો. પોતાની નજીક બેસવાનો ઇશારો કરતાં આપે ફરમાવ્યું,

' તેનું કારણ તો સ્પષ્ટ છે. તમે ખુદાને જાણો છો છતાં તેની સાચી ઇબાદત કરતા નથી, તમે હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.) ને જાણો છો છતાં તેમની શિખામણ પર ચાલતા નથી, તમે કૂરાને શરીફ પઢો છો પણ તેનો અમલ કરતા નથી, તમે શૈતાનને ઓળખો છો છતાં તેનાથી દૂર રહેતા નથી, તમે મૌતને જોયું છે છતાં તેની ફિકર કરતા નથી, તમે તમારા સગાસંબંધીઓને કબરમાં મૂકી આવ્યા છો છતાં કબરના અઝાબથી ડરતા નથી, તમે તમારા દોષો જોતા નથી અને બીજાના દોષોનો ઢંઢોરો પીટો છે. જ્યાં સુધી માણસ આવું વિરોધાભાસી વર્તન કરતો રહેશે ત્યાં સુધી તેની દુવા કબૂલ નહીં થાય.'

એક વખત ઇબ્રાહીમ અદહમ પગપાળા હજ્જ કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં ત્રણ દિવસ સુધી તેમને કશું ખાવા-પીવાનું ન મળ્યું. ભૂખ અને થાકે તેમને બેહાલ કરી નાખ્યા. એક ઝાડના છાયામાં થોડો આરામ કરવા તેઓ આડા પડયા. બરાબર એ સમયે જ જંગલમાંથી એક માણસ પસાર થયો. તે હઝરત ઇબ્રાહીમને ઓળખી ગયો. તેમની અવદશા જોઈ તેણે હઝરત **ઇબ્રાહીમને કહ્યું,**

' ખુદાએ બક્ષેલ બલ્ખ રાજ્યની બાદશાહી છોડી આપે ફકીરી ધારણ કરી ખુદાની નેમતોને ઠુકરાવી છે. એટલે આજે તમારે ભૂખ્યા તરસ્યા ભટકવું પડે છે. ખુદાએ બક્ષેલ દોલતને તમે તરછોડી છે એટલે જ હજ્જના માર્ગમાં તમારે આ તકલીફો સહેવી પડે છે.'

આપે એ માણસને શાંતિથી સાંભળ્યો. **પછી ખુદાને** દુવા કરવા હાથ ઊંચા કર્યા.

ત્યારે કફનીના ખિસ્સામાં કાંઈક વજન જેવું લાગ્યું આપે તુરત ખિસ્સામાં હાથ નાંખ્યો, તો તેમાંથી ચાર ચાંદીના સિક્કા નીકળ્યા. આપે તે સિક્કા પેલા માણસને આપતાં કહ્યું,

' મારા ખિસ્સામાં ભૂલમાં રહી ગયેલા આ ચાર સિક્કા જ મારી તકલીફો માટે જવાબદાર છે. દોલતની મોહતાજગી (ગુલામી) જ ખુદાના માર્ગમાં અવરોધો ઉત્પન્ન કરે છે.'

આ પછી આપે પગપાળા જ કશી તકલીફ વગર હજ્જ અદા કરી.

★★★

હઝરત ખ્વાઝા હસન બસરી (ર.અ.) ની જિંદગી બોધ અને તત્ત્વજ્ઞાનથી ભરેલી છે. એક દિવસ ખુદાની યાદમાં ખ્વાજા હસન બસરી લીન થઈ બેઠા હતા. એ સમયે એક સુંદર સ્ત્રી ખુલ્લા મોઢે, ખુલ્લા પગે, તેમની સામે આવી ઊભી રહી. તેણે કુરતાની બાંયો કોણી સુધી ચડાવેલી હતી. ગુસ્સા અને મહોબ્બતના મિશ્ર ભાવ સાથે તેણે તેના પતિની ફરિયાદ કરતાં કહ્યું,

' હઝરત, આપ મારા પતિને તેમની બદસલુકી (ખરાબ વર્તન) બદલ ઠપકો આપી સુધારતા કેમ નથી ?'

હઝરત ખ્વાજા હસન બસરીએ તે સ્ત્રીની સામે જોયું અને કહ્યું,

' ખાતુન, તમે પ્રથમ તમારું મોઢું ઓઢણીથી ઢાંકી લો અને પછી જે કંઈ કહેવું હોય તે કહો.'

ખાતુને શરમિંદગી મહેસૂસ કરતાં ખભા પરની ઓઢણી માથે મૂકી કુરતાની બાંયોથી હાથો અને પાયાજામાંથી પગની પાની ઢાંકતાં હઝરત હસન બસરીને કહ્યું,

' મારા પતિની મહોબ્બતના આવશેમાં હું હોશોહવાશ ખોઈ ઓઢણી ઓઢ્યા વગર અહીંયા દોડી આવી છું. જો આપે મને ન ટોકી હોત તો કદાચ મહોબ્બતના આવેશમાં જ હું બજારમાં પણ પહોંચી જાત, આપની હિદાયત (શિખામણ) બદલ હું આપની શુક્રગુજાર છું.'

હસરત હસન બસરી આ સાંભળી પ્રસન્ન થયા. પણ તેમની પ્રસન્નતા વધુ સમય ન રહી. પેલી ખાતુને થોડી વાર અટકી કહ્યું,

'હઝરત મારા પતિની મહોબ્બતે મારા હોશોહવાશ હણી લીધા હતા એટલે મને મારી ઓઢણીનું ભાન ન રહ્યું. પણ આપ તો ખુદાના ઇશ્કમાં મશગૂલ હતા. છતાં આપને મારી ઓઢણી અને મારા ખુલ્લા માથાનો એહસાસ થયો. તે જોઈ મને નવાઈ લાગે છે !'

આટલું કહી તે સ્ત્રીએ રૂખસત લીધી પણ જતાં જતાં હઝરત ખ્વાજા હસન બસરીને ખુદાના ઇશ્કની સાચી પરિભાષા સમજાવતી ગઈ, આ અંગે હસન બસરી લખે છે :

' તે સ્ત્રીએ જણાવેલી વાત યાદ આવે છે ત્યારે હું ખુદાના ઇશ્ક અંગે ગહેરા (ઊંડા) ચિંતનમાં ડૂબી જાઉં છું.'

★★★

**એ** દિવસોમાં હઝરત મહંમદ પૈગંબર (સ.અ.વ.)ની ઇસ્લામની વાતોને લોકો હસી કાઢતા. તેમની મજાક ઉડાડતા. આ કપરા કાળનો અનુભવ માત્ર પયગમ્બર (સ.અ.વ.) ને જ નહીં પણ તેમાંના સહાબીઓ (અનુયાયીઓ) ને પણ થતો. તેમના સહાબીઓમાં હઝરત ખબ્બાબ બિન અરિત્ત નામે એક લુહાર હતા. લશ્કરી હથિયારો, ભાલા, તલવાર વગેરે બનાવી વેચતા અને પોતાનું ગુજરાન ચલાવતા.

એક દિવસ આસ બિન વાઈલ કે જે હંમેશા ઇસ્લામના સિદ્ધાંતો અને હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ની ઠેકડી ઉડાડતા, તેણે હઝરત ખબ્બાબ પાસેથી તલવારો ખરીદી પણ તેના પૈસા ન ચૂકવ્યા. ઘણા દિવસો પસાર થઈ ગયા છતાં આસ બિન વાઈલ પૈસા ચૂકવવા ન જ આવ્યો. આથી એક દિવસ લુહાર હઝરત ખબ્બાબ તેને ત્યાં પૈસા લેવા ગયા. આસ બિન વાઈલ ઘરમાં જ હતો. હઝરત ખબ્બાબે નમ્રતાથી પોતાના પૈસાની માગણી કરી. એટલે આસ બિન વાઈલે તેમની સામે વક્ર દષ્ટિ કરી મૂછમાં હસ્તાં કહ્યું,

' ખબ્બાબ શું તારા પયગમ્બર સાહેબ (સ.અ.વ.) મુસલમાનોને એમ નથી કહેતા કે જન્નત (સ્વર્ગ) માં સોનું, ચાંદી, હીરા, જવાહરાત કપડાં અને નોકર-ચાકર વગેરે મળશે ?'

હઝરત ખબ્બાબે સંમતિ દર્શાવતાં કહ્યું,

' હા, અમારા પયગમ્બર (સ.અ.વ.) સાહેબ આમ જ કહે છે.'

આસ બિન વાઈલે તક ઝડપી લીધી. ' ત્યારે તો ખબ્બાબ, તું જરા થોભી જા. હું જન્નતમાં જઈને તારી પાઈએ પાઈ ચૂકવી આપીશ.'

હઝરત ખબ્બાબ આસ બિન વાઈલની મજાક સબ્ર (સહનશીલતા)થી સાંભળી રહ્યા. પછી ખુદા પર એ બેઈમાનનો ઇન્સાફ છોડી ચાલતા થયા.ખુદાના ઇન્સાફમાં દેર જરૂર છે અંધેર નથી. અને તે રસૂલે પાક (સ.અ.વ.) ની હિજરતના એક માસ બાદ ગરીબ લુહાર હઝરત ખબ્બાબના પૈસા બેઈમાનીથી ડુબાડનાર આસ બિન વાઈલના પગે કોઈ જાનવર કરડી ગયું. પગ ફૂલીને ઊંટની ગરદન જેવો થઈ ગયો. અને રોગમાં રિબાતાં રિબાતાં તેનું અવસાન થયું.

★★★

**હ**ઝરત ઉવૈશ કરની (ર.અ.) યમન દેશના કરન ગામના રહેવાસી હતા. ત્યાંના લોકો તેમને પાગલ કહેતા. ખુદાની ઇબાદતમાં રાતોની રાતો તસબી અને નમાઝમાં તેઓ રત રહેતા. છતાં હઝરત ઉવૈશ કરનીને કરનના લોકો પથ્થરોથી

નવાજતા. એક વખત લોકો તેમને પથ્થર મારી રહ્યા હતા ત્યારે એક ભલા માણસે તેમને બચાવી સહીસલામત મસ્જિદે પહોંચાડ્યા. મસ્જિદમાં પહોંચાડી પેલા માણસે આપને પૂછ્યું,

' પથ્થર મારનાર લોકોને તમે કંઈ કહેતા કેમ નથી ?'

માથામાંથી લોહીની ફૂટેલી સેરને લૂંછતાં આપે ફરમાવ્યું,

' તેઓ મને ભલે પથ્થર મારે પણ એવી રીતે મારે કે લોહી ન નીકળે. લોહી નીકળતાં મારું વઝુ તૂટી જાય છે. નમાઝ-રોઝા કઝા થાય છે.'

આટલું કહી તેઓ વઝુ (નમાઝ પહેલાં પવિત્ર થવાની ક્રિયા) કરવા લાગ્યા.

ખુદાના આવા બંદાને ન રહેવા ઘર હતું, ન પહેરવા કપડાં. હઝરત ખ્વાજા હસન બસરી જણાવે છે,

' મેં હઝરત ઉવૈશની ગોદડી જોઈ હતી જેમાં અનેક થીગડાં હતાં.'

હજ્જના સમયમાં અરફાતના મેદાનમાં હઝરત ફારૂખ ઉમર (ર.અ.) એ લોકોને પૂછ્યું,

' આમાંથી કરનનો રહીશ કોણ છે ?'

એક ડોસાએ આંગળી ઊંચી કરી, એટલે હઝરત ફારૂખે તેને પૂછ્યું,

' હઝરત ઉવૈશને ઓળખો છો ?'

પેલો ડોસો બોલ્યો,

' આ નામનો એક પાગલ અમારા ગામમાં છે ખરો, જે કમનસીબે મારો ભત્રીજો થાય છે.'

હઝરત ફારૂખ આ સાંભળી રડી પડ્યા અને બોલ્યા,

' યા ખુદા, તમારા પ્યારા મહેબૂબને આ દુનિયામાં લોકો ગાંડો કહે છે. ખરેખર તો એમ કહેનાર ખુદ દુન્યવી બાબતો પાછળ ગાંડા છે.'

ખુદાના આવા એક બંદાને એક વાર કોઈકે કંઈક ઉપેદશ આપવા કહ્યું આપે ફરમાવ્યું,

' ખુદા તરફ દોટ મૂકો અને તેની શોધમાં તેના થઈ જાવ.'

પેલા માણસે કહ્યું,

' તો પછી હું ખાઈશ શું ?'

આપે ફરમાવ્યું,

અફસોસ ! ખુદા રોઝી આપવાવાળો છે એવું લોકો જાણે છે, છતાં ખુદા પર ભરોસો નથી રાખતા.'

★★★

હઝરત મારુફ કરબીનાં માતા ઈસાઈ હતાં. પણ હઝરત અલી બિન મુસાના આધ્યાત્મિક જ્ઞાનથી પ્રભાવિત થઈ તેમણે ઇસ્લામનો અંગીકાર કર્યો હતો. પછી તો ખુદા અને તેની ઇબાદત એ જ તેમના જીવનનો મકસદ બની ગયા.

ઇસ્લામના માનવીય સિદ્ધાંતોને પોતાના જીવન-વ્યવહારમાં તેમણે સાકાર કર્યા. એક દિવસ પોતાનો મુસલ્લો (નમાઝ પઢતી વખતે પાથરવાનું કપડું) અને કુરાનેશરીફ મસ્જિદમાં મૂકી તેઓ દરિયાકિનારે વઝુ કરવા ગયાં. બરાબર એ જ સમયે એક ગરીબ સ્ત્રી તન પર અપૂરતાં કપડાં સાથે ઠંડીથી ધ્રુજતી મસ્જિદમાં દાખલ થઈ. મુસલ્લો અને કુરાનેશરીફ જોઈ તેનું મન લલચાયું. ઠંડીથી બચવા તેણે મુસલ્લો પોતાના શરીર પર ઓઢી લીધો અને કુરાનેશરીફ લઈને ચાલવા માંડી. વઝુ કરીને પાછા ફરતાં હઝરત મારૂફ કરબી તેને રસ્તામાં જ મળી ગયાં. સ્ત્રીના શરીર પર પોતાનો મુસલ્લો અને હાથમાં છુપાવી રાખેલું કુરાનેશરીફ જોઈ હઝરત મારૂફે તે સ્ત્રીને રોકી. સ્ત્રી પોતાની ચોરી પકડાતાં હેબતાઈ ગઈ. વાતાવરણની ઠંડી અને પકડાઈ જવાનો આઘાત તેની ધ્રુજારીને બમણી કરી રહ્યાં હતાં. પણ હઝરત મારૂફે તો એ સ્ત્રીને અત્યંત આદરપૂર્વક સલામ કરતાં કહ્યું,

' ખાતુન, આપના શરીરને ઠંડીથી બચાવવા આ મુસલ્લો આપને ઉપયોગી થઈ પડશે. એટલે આપ તે રાખો.'

પોતાની વસ્તુ ચોરી જતા ચોર સાથે હઝરત મારૂફનું આવું વર્તન સ્ત્રીને હચમચાવી ગયું. પણ તે કંઈ બોલે તે પહેલાં હઝરત મારૂફે પૂછ્યું,

' ખાતુન, કુરાનેશરીફ પઢી શકે તેવું કોઈ સંતાન આપને છે ?

અવાચક બની સાંભળી રહેલી પેલી સ્ત્રીએ ડોકું હલાવી ના પાડી. આથી હઝરત મારૂફ બોલ્યા,

' તો પછી કુરાનેશરીફ આપ મને પાછા આપો. કારણ કે એ જ મારો સહારો છે.'

અને ખાતુનના હાથમાંથી કુરાનેશરીફ લઈ હઝરત મારૂફ મસ્જિદ તરફ ચાલવા માંડ્યાં. હઝરત મારુફના આવા માનવીય વર્તનથી હલબલી ગયેલી પેલી સ્ત્રીએ ઠંડીથી ધ્રુજતા પોતાના શરીરનો મોહ ત્યાગી હઝરત મારૂફને મુસલ્લો પરત કરવા તેમની પાછળ દોટ મૂકી.

★★★

**એ**ક દિવસ એક નાનો છોકરો હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની બગલમાં બેઠો હતો. હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)એ પાણી પીને અધૂરો ગ્લાસ બાજુમાં મૂક્યો.

ગ્લાસમાં બાકી રહેલું પાણી પેલો છોકરો ગટગટાવી ગયો. થોડી વારે હઝરત

મહંમદ પયગમ્બર (સ.અ.વ.)એ પાણી પીવા પાછો ગ્લાસ લીધો. તો તેમાં પાણી ન હતું. એટલે આપ (સ.અ.વ.)એ પૂછ્યું,

' ગ્લાસમાંનું પાણી કોણ પી ગયું ?'

હઝરત ઉમ્મે સલમાને જવાબ આપ્યો,

' હસને.'

આ સાંભળી આપ (સ.અ.વ.) એ કહ્યું,

' જે રીતે હસને મારા ગ્લાસનું પાણી પીધું છે, એ જ રીતે મારું ઇલ્મ (જ્ઞાન) પણ તે ગટગટાવી જશે.'

આ હસન તે હઝરત ખ્વાજા હસન બસરી (ર.અ.). હઝરત હસન બસરી અઠવાડિયામાં એક વાર વાએઝ (ધાર્મિક પ્રવચન) કરતા, પણ જ્યાં સુધી શ્રોતાઓમાં હઝરત રાબીયાને ન જુવે ત્યાં સુધી વાએઝ શરૂ ન કરતા. એક દિવસ એક શિષ્યએ આપને ગભરાતાં ગભરાતાં પૂછ્યું,

' આપની વાએઝમાં તો મોટા મોટા માણસો આવે છે. છતાં આપ હઝરત રાબીયા જેવી વૃદ્ધ સ્ત્રીના આગમન પછી જ વાએઝ કેમ શરૂ કરો છો ?'

આપે ફરમાવ્યું,

' હાથીનો ખોરાક ચકલીના વાસણમાં ન સમાય.'

એક દિવસ અંધારાને ચીરતો એક દિવો લઈને એક બાળક આપની ઝૂંપડી પાસેથી પસાર થયો. આપે તે બાળકને રોક્યો અને પૂછ્યું,

' આ દિવાની રોશની ક્યાંથી આવે છે ?'

' બાળકે માસૂમ ચહેરે હઝરત હસન બસરી સામે જોયું. પછી પળનો પણ વિચાર કર્યા વગર ફૂંક મારી પેલો દિવો ઓલવી નાંખ્યો. પછી બોલ્યો,

' હઝરત, આપ પ્રથમ મને કહો કે આ દિવાની રોશની ક્યાં ચાલી ગઈ પછી હું આપના સવાલનો અવશ્ય જવાબ આપીશ કે રોશની ક્યાંથી આવી હતી.'

આટલું કહીને એ છોકરો અંધારામાં અદશ્ય થઈ ગયો, પણ તે છોકરાનો પ્રશ્ન હઝરત ખ્વાજા હસન બસરી (ર.અ.) વર્ષો સુધી યાદ કરતા રહ્યા.

★★★

હઝરત માલિક બિન દિનાર (ર.અ.) એક વાર કશ્તિ (નાવડી) માં જઈ રહ્યા હતા. બરાબર સમુદ્રની વચ્ચે જ ખલાસીએ કશ્તિ રોકી અને આપની પાસે કિનારે પહોંચાડવાનું ભાડું માગ્યું. આપે ફરમાવ્યું.'

' મારી પાસે તો કશું જ નથી.'

આ સાંભળી ખલાસી ગુસ્સે થયો અને આપને બેફામ ગાળો દેવા લાગ્યો.

આપ સબ્રથી તે સાંભળી રહ્યા. એટલે ખલાસી વધુ ગુસ્સે થયો અને આપને હલેસાથી મારવા માંડ્યો. હલેસાનો એક ફટકો આપના માથા પર વાગ્યો. આપ બેહોશ થઈ ગયા. થોડી વારે આપ હોંશમાં આવ્યા ત્યારે પેલા જલ્લાદ જેવા ખલાસીએ આપને પાછો પ્રશ્નો કર્યો :

' મારા ભાડાના પૈસા આપે છે કે નહી ?'

આપે નમ્ર સ્વરે કહ્યું :

' મારી પાસે કશું જ નથી.'

જવાબ સાંભળી પેલો ખલાસી ફરી વાર હલેસાથી મારવા ઊભો થયો. સમુદ્રના પાણીનું એક જોરદાર મોજું કશ્તિ સાથે ટકરાયું. ખલાસી તેની બેઠક પર પટકાયો અને એ જ કશ્તિના એક લાકડાના ટુકડા નીચેથી બે દિનાર દડતા દડતા ખલાસીના પગમાં અથડાયા. તેણે નીચે વળી જોયું. પોતાના પગમાં બે દિનાર જોઈ પોતાની ભૂલનો તેને અહેસાસ થયો. અને હઝરત માલિક બિન દિનારની તેણે માફી માગી.

બસરામાં એક અત્યંત અમીર માણસ ગુજરી ગયો. તેને એક યુવાન ખૂબસૂરત દીકરી હતી. દોલત અને ખૂબસૂરતીની માલિક એ યુવતી સાથે લગ્ન કરવા બસરાના યુવાનો પડાપડી કરતા. પણ એ યુવતી ધર્મપરાયણ હતી. આથી તેણે પોતાના એક વડીલને કહ્યું :

' હું હઝરત માલિક બિન દિનાર સાથે નિકાહ કરવા ઇચ્છું છું. જેથી ખુદાની ઇબાદતમાં તેઓ મારા માર્ગદર્શક બની શકે.'

પેલા વડીલે આ દરખાસ્ત હઝરત માલિક બિન દિનાર સમક્ષ મૂકતાં કહ્યું :

' માલ (મિલકત) અને જમાલ (ખૂબસૂરતી) આપના દરવાજે દસ્તક કરી રહ્યા છે. આપ કહો તો તેણી સાથે આપના નિકાહ કરાવી દઉં ?'

આપે ફરમાવ્યું :

' હું તો દુનિયાને જ તલાક આપી ચૂક્યો છું. પછી મારે માલ અને જમાલને શું કરવાં છે ?'

★★★

હઝરત ખ્વાજા હસન બસરી (ર.અ.) ના હાજર જવાબીપણાના કેટલાક વધુ કિસ્સા જાણવા અને માણવા જેવા છે. તેમના જવાબોમાં સત્યનો રણકો સંભળાય છે. એક વાર એક સહાબીએ આપને પૂછ્યું,

' આપની વાએઝ (ધાર્મિક પ્રવચન) ઘણા માણસો સાંભળવા આવે છે. એ જોઈ આપ ખુશ થતા હશો ?'

આપે ફરમાવ્યું :

' હું તો ત્યારે ખુશ થાઉં કે જ્યારે ખુદાના ઇશ્કમાં કોઈને પાગલ થયેલો જોઉં છું.'

વાએઝ પૂર્ણ થતાં એક શિષ્યએ આપને પૂછ્યું,

' દિનની (ધર્મની) બુનિયાદ (પાયો) શું છે ?' આપે ફરમાવ્યું,

' પરહેઝગારી (સંયમ) દિનની બુનિયાદ છે. અને લાલચ પરહેઝગારીનો દુશ્મન છે.'

એક વાર એક સહાબીએ આપને પૂછ્યું,

' આધ્યાત્મિક જ્ઞાની કોઈના આત્માને શુદ્ધ કરી શકે ખરો ?'

આપે ફરમાવ્યું,

' સૌ પ્રથમ તે પોતાના આત્માને શુદ્ધ કરે, પછી જ બીજાનો વિચાર કરે. જે ખુદ ગુમરાહ હશે તે બીજાને શું રાહ બતાવી શકશે ?'

માલિક બિન દિનારે એક વાર આપને પૂછ્યું, ' માણસની તબાહી (બરબાદી) શામાં રહેલી છે ?'

આપે કહ્યું,

' મુર્દાદિલીમાં.'

' એટલે ?' માલિક બિન દિનારે પૂછ્યું,

આપે ફરમાવ્યું,

' દુનિયાની મહોબ્બતમાં પાગલ થઈ જવું એટલે મુર્દાદિલી.'

★★★

હઝરત હસન બસરી (ર.અ.) નિમ્ન કક્ષાના માણસ પાસેથી પણ કંઈક જાણવા ઉત્સુક રહેતા. એક વખત એક દારૂડિયો નશામાં મસ્ત લથડાતા પગે જઈ રહ્યો હતો. આપે તેને રોકી કહ્યું,

' સંભાળીને ચાલ નહીં તો પડી જઈશ, તને વાગશે.'

પેલા દારૂડિયાએ માંડ માંડ સ્થિર ઊભા રહેતાં કહ્યું,

' હું પડીશ તો મારાં કપડાં જ ગંદાં થશે, પણ એક દારૂડિયા સાથે કદમ માંડતાં આપ પડી જશો તો પૂરી કોમ બદનામ થઈ જશે.'

આ પ્રસંગ પરથી મઝહરૂલ હક્ક અલવીએ લખ્યું છે,

'' એક શખ્સ સે યું બસરીને કહા અઝ રહે લુત્ફ રૂકકે ચલ, ગિર જો પડા ચોટ તુઝે આયેગી. આપ ગિર જાયેંગે તો કોમ હી ગિર જાયેગી.''

અર્થાત્ હુઝુર ! તમે સંભાળીને ચાલો. જો તમે પડશો તો આખી જાતિ પડી જશે.

એક વાર એક ગામડિયાએ આપને પૂછ્યું,

' સબ્ર (સહનશીલતા) એટલે શું ?'

આપે ફરમાવ્યું,

' સબ્ર બે પ્રકારની હોય છે. એક તકલીફ અને મુસિબતોમાં સબ્ર રાખવી. બીજી, એ બાબતોથી દૂર રહેવું જેનાથી દૂર રહેવાનો ખુદાએ હુકમ આપ્યો છે.'

કોઈએ આપના ખબરઅંતર પૂંછ્યા. તો આપે તેના જવાબમાં કહ્યું,

' એના ખબરઅંતર શું પૂછો છો જે તૂટેલી કિશ્તીમાં જિંદગીના દરિયામાં ઝોલા ખાઈ રહ્યો છે ?'

એક શખ્સ કબ્રસ્તાનમાં ભોજન લઈ રહ્યો હતો. તેને જોઈ આપે ફરમાવ્યું.

' એ અસહિષ્ણુ છે જે પોતાની ઇચ્છાઓને મુર્દાઓ સામે પણ અંકુશિત નથી રાખી શકતો. મૌત અને અંતિમ દિવસનો જે મલાજો નથી રાખતો તે સાચો મુસલમાન નથી.'

આપની વફાત (મૃત્યુ) સમયે હોઠો પર મુસ્કાન સાથે આપના છેલ્લા શબ્દો હતા,

' કયો ગુનો ? કયો ગુનો ? '

આપની વફાતના બીજા દિવસે એક શિષ્યના સ્વપ્નમાં આપ આવ્યા. એટલે પેલા શિષ્યએ આપને આપના છેલ્લા શબ્દો અને મુસ્કાનનું કારણ પૂછ્યું. આપે ફરમાવ્યું,

' એ છેલ્લી ક્ષણે ફરિશ્તો કહી રહ્યો હતો, એ મૌત તું આ માણસ સાથે સખ્તીથી કામ લે, કારણ કે તેના એક ગુનાનો હિસાબ લેવાનો હજુ બાકી રહી ગયો છે. એટલે હું હસતો હસતો પૂછતો હતો કે કયો ગુનો, કયો ગુનો. મારા એકેએક ગુનાઓની મને બરાબર સજા મળે તેથી વધારે ખુશીની વાત બીજી કઈ હોઈ શકે ?'

★★★

હઝરત હબીબ અજમી (ર.અ.) પ્રારંભના દિવસોમાં ખૂબ દોલતમંદ (માલદાર) હતા. તેમનો મુખ્ય વ્યવસાય પૈસા વ્યાજે આપવાનો હતો. વ્યાજના પૈસાની વસૂલી કરવામાં બસરામાં તેમનો કોઈ જોટો ન હતો. પણ એક દિવસ એક નાનકડી ઘટનાએ તેમનું સમગ્ર જીવન પલટી નાખ્યું.

તે દિવસે વ્યાજના પૈસા વસૂલ કરી, સબજી (શાકભાજી) લઈ તેઓ ઘરે આવ્યા. પત્નીને તે આપી તુરત ભોજન બનાવવા તેમણે કહ્યું. ભોજન તૈયાર થયું, ઉતાવળે ભોજન કરવા બેસતા હતા, ત્યાં જ એક ફકીરે ટહેલ નાખી અને આપનો ગુસ્સો ગયો. ગુસ્સાના આવેશમાં ફકીરને આપે કહ્યું,

' તને આપવા મારી પાસે કશું જ નથી, જા. તને આપવાથી તું દોલતમંદ થોડો થઈ જવાનો છે ? પણ હું કંગાળ જરૂર થઈ જઈશ.'

આટલું કહી ઘરનો દરવાજો ગુસ્સામાં જોરથી બંધ કરતાં આપ દસ્તરખાન (જમવા માટે પાથરેલ ચટાઈ કે કપડું) પર બેઠા. પત્નીએ ભોજન પીરસવા તપેલીનું ઢાંકણું ખોલ્યું, તો ભોજન બગડી ગયાની દુર્ગંધ આખા રૂમમાં પ્રસરી ગઈ. થોડી વાર તો પતિ-પત્ની બંને હેબતાઈ ગયાં. પત્નીએ સ્થિતિ પામી જતાં કહ્યું,

' આ તમારી કંજૂસી અને બદતમીઝી (ગેરવર્તણૂક)નું ખુદાએ આપેલ પરિણામ છે.'

તે જ ક્ષણે આપે વ્યાજનો વ્યવસાય બંધ કરવાનું નક્કી કર્યું. આજ દિન સુધી લોકો પાસેથી લીધેલી વ્યાજની રકમ પરત કરવાના ઇરાદાથી આપે તિજોરી ખોલી એક પોટલીમાં બધી દોલત બાંધી, ઘર બહાર નીકળ્યા. રસ્તામાં કેટલાંક બાળકો રમતાં હતાં. આપને જોઈ એક બાળક બોલી ઊઠયું,

' અરે બધા ખસી જાવ ! આ વ્યાજખોર હબીબને જવા દો. જો તેનો પડછાયો પણ આપણા પર પડી જશે તો આપણે પણ ગુનેગાર બની જઈશું.'

નિર્દોષ બાળકના શબ્દો આપના હૃદયમાં સોંસરા ઊતરી ગયા. આપ સીધા હઝરત હસન બસરી પાસે પહોંચ્યા. પોતાના તમામ ગુનાઓની તેમની પાસે માફી માગી અને બધી દોલત ગરીબોમાં વહેંચી દીધી.

એ જ સાંજે ઘર તરફ પાછા ફરતાં, પેલાં બાળકોને આપે રમતાં જોયાં અને આપના શરીરમાં એક ધ્રુજારી પસાર થઈ ગઈ, આપને આવતાં જોઈ એક બાળક બોલ્યો,

' અરે બધા ખસી જાવ ! હઝરત હબીબ આવે છે. ક્યાંક આપણા પગની ધૂળ પણ તેમને અડી જશે તો ખુદા આપણું નામ ગુનેગારોમાં સામેલ કરી દેશે.'

બાળકોના બદલાયેલા વર્તનથી નવાઈ પામતાં આપે ખુદાને સંબોધીને કહ્યું,

' ખુદાતઆલા, આપની રહેમત અપરંપાર છે. મેં આજે જ તૌબા કરી અને આપે પણ આજે જ મારી નેકનામી જાહેર કરી દીધી.'

★★★

હઝરત હબીબ અજવીએ જિંદગીમાં બે જ બાબતો અપનાવી હતી. આખો દિવસ હઝરત હસન બસરી (ર.અ.) ની ખિદમત (સેવા) કરી, ઇલ્મ (જ્ઞાન) મેળવવું. અને બીજું આખી રાત ખુદાની ઇબાદતમાં મશગૂલ રહેવું. રાતદિવસ આ જ ક્રમ ચાલ્યા કરતો. આથી તેમની પત્નીએ એક દિવસ તેમને ટપારતાં કહ્યું,

' આખો દિવસ હસન બસરી સાથે વાતો કર્યા કરો છો, તે કરતાં મહેનત મજૂરી કરો તો બે ટંકની ચિંતા ટળે.'

પત્નીની ટકોર સાંભળી આપે કહ્યું,

' સારું કાલથી મજૂરીએ જઈશ.'

બીજે દિવસે આપ સવારના પહોરમાં ઘરેથી નીકળી ગયા. રસ્તામાં એક મસ્જિદ જોઈ આપના પગ એ તરફ અનાયાસે વળ્યા. અને એ મસ્જિદમાં આખો દિવસ આપ ઇબાદત કરતા રહ્યા. સાંજે ઘરે પાછા ફર્યા ત્યારે પત્નીએ પૂછ્યું,

' કંઈ કમાઈને લાવ્યા ?'

આપે બહાનું કાઢતાં કહ્યું,

' જેની મજૂરી કરું છું, તે દસ દિવસ પછી મજૂરીના પૈસા આપશે.'

અને આમ દસ દિવસની ઇબાદત માટે કોઈ સમસ્યા ન રહેતાં આપે રાહત અનુભવી. દસ દિવસ આપે દુનિયાની ચિંતાઓથી મુક્ત રહી ખુદાની ઈબાદત કરી. દસમા દિવસે સવારે આપ ઊઠ્યા એટલે પત્નીએ યાદ દેવડાવતાં કહ્યું,

' આજે પૈસા લેતા આવજો. ઘરમાં કશું ખાવાનું નથી.'

આપ નત મસ્તકે ચાલવા માંડ્યા. મજૂરીના પૈસા ક્યાંથી લાવવા, એ વિચારે આપ ચિંતિત હતા. છતાં એ ચિંતા અલ્લાહ પર છોડી, આપ પાછા મસ્જિદમાં દાખલ થયા, અને આખો દિવસ ઇબાદતમાં મશગૂલ રહ્યા. સાંજે ભારે કદમે આપ ઘરે પાછા આવ્યા. દરવાજામાં દાખલ થતાં જ પત્નીનો અવાજ સંભળાયો. આપને પ્રેમથી આવકારતાં પત્નીએ કહ્યું,

' આપે મોકલાવેલ લોટની બોરી (ગુણ), ઘી, શક્કર (ખાંડ) અને સબજી (શાકભાજી) સાથે ત્રણસો દિરહમ એક માણસ આપી ગયો છે. અને સાથે આ ચિઠ્ઠી પણ આપી ગયો છે.'

આટલું કહી ચિઠ્ઠી આપના હાથમાં મૂકી પત્ની ખુશખુશાલ ઘરના કામમાં લાગી ગઈ. આપે ચિઠ્ઠી ખોલી જોઈ. તેમાં લખ્યું હતું,

' જે કામ તમે કરો છો તે હજુ મન લગાડીને કરતા રહેશો તો આથી પણ વધુ મજૂરીના હક્કદાર તમે બનશો.'

ચિઠ્ઠી વાંચી આપની નજર ખુદાનો શુક્ર અદા કરતી આકાશમાં સ્થિર થઈ ગઈ.

★★★

**એ**ક વાર હઝરત હબીબ અજમી (ર.અ.) કપડાં ઉતારી નદીમાં નહાવા પડ્યા, બરાબર એ જ સમયે નદી પાસેથી હઝરત હસન બસરી પસાર થયા. તેમણે કપડાં પડેલાં જોયાં. કપડાં જોઈ તે ઓળખી ગયા કે આ હઝરત હબીબ અજમીનાં કપડાં છે. એટલે મનોમન બોલ્યા, ' આવા જંગલમાં હઝરત હબીબ કપડાં રેઢા મૂકી ક્યાં ચાલ્યા ગયા ? કોઈ કપડાં ઉપાડી જશે તો ?'

એમ વિચારી હઝરત હસન બસરી કપડાંની હિફાઝત કરતા ત્યાં જ ઊભા રહ્યા. થોડી વારે આપ સ્નાન કરી નદીમાંથી બહાર આવ્યા. હઝરત હસન બસરીને ત્યાં ઊભેલા જોઈ, ઊભા રહેવાનું કારણ પૂછ્યું. હઝરત હસન બસરીએ કહ્યું,

' તમે તમારાં કપડાં અહિંયા કોના ભરોસે છોડીને જતા રહ્યા હતા ?'

હઝરત હબીબ અજમીએ કહ્યું,

' એના ભરોસે જેણે આપને કપડાંની હિફાજત માટે અહિંયા મોકલી આપ્યા છે.'

અને બંને આલીમો ખડખડાટ હસી પડ્યા.

એક વાર હઝરત હસન બસરી, હઝરત હબીબ અજમીને ત્યાં મળવા ગયા. એ સમયે હબીબ અજમીના ઝૂંપડામાં એક જવની રોટી અને થોડું મીઠું જ હતાં. આથી હઝરત હસન બસરીનું આતિથ્ય કરતાં આપે એ બંને વસ્તુઓ હસન બસરી પાસે મૂકી દીધી. હસન બસરી પણ આ આતિથ્યનો સ્વીકાર કરી જમવા બેઠા. ત્યાં તો દરવાજા પર ફકિરની બૂમ સંભળાઈ. આથી હઝરત હબીબ અજમીએ તે રોટી અને મીઠું પેલા ફકીરની ઝોળીમાં નાંખી દીધા. આ જોઈ હઝરત હસન બોલી ઊઠ્યા,

' તમારામાં દયાભાવ છે, પણ ઇલ્મ નથી. શું તમને ખબર નથી કે મહેમાનની સામેથી આ રીતે રોટી લઈ લેવી ગુનો છે ? એ કરતાં તો રોટીના બે ટુકડા કરી એક ટુકડો તમારે ફકીરને આપી દેવો હતો.'

હઝરત હબીબ અજમી મૌન રહી હઝરત હસન બસરીનો ઉપદેશ સાંભળી રહ્યા. થોડી વારે એક માણસ થાળ ભરીને મિષ્ટાન્ન અને રોકડા પાંચસો દિરહમ લઈને હઝરત હબીબ અજમીની ઝૂંપડીમાં આવ્યો. આપે પાંચસો દિરહમ ગરીબોને આપી દીધા અને થાળ ભરેલાં મિષ્ટાન્ન હઝરત હસન બસરી સામે મૂકતાં કહ્યું,

' આપની ગણતરી અલબત્ત આલીમો (જ્ઞાનીઓ) માં થાય છે. પણ આપે હજુ ખુદામાં વધુ વિશ્વાસ કેળવ્યો હોત તો, આપની ગણના ઉત્તમ આલીમોમાં થાત.'

★★★

ઇસ્લામમાં ગુરુને ઉચ્ચ મરતબો આપવામાં આવ્યો છે. જ્ઞાન આપનાર ગુરુ પ્રત્યેનો શિષ્યનો વ્યવહાર અત્યંત નમ્ર અને સેવાપરાયણ હોવા પર ઇસ્લામે ભાર મૂક્યો છે. હારૂન રશીદ બગદાદમાં ખલીફા હતા. એ સમયે ખલીફાનો દરજ્જો, માન અને સત્તા અપરંપાર હતા. તેમનો પુત્ર અને તેના મામા બંને હઝરત ઇમામ કસાઈ (ર.અ.) પાસે શિક્ષણ લેવા જતા. એક દિવસ ગુરુ બંને શહેઝાદાઓને ભણાવીને ઊઠ્યા. બંને શહેઝાદાઓ આપના ચંપલ લેવા દોડ્યા. બંને ચંપલ લેવા માટે ઝગડ્યા, કોણ ગુરુને ચંપલ પહેરાવે ? આ મીઠો ઝગડો ગુરુ હઝરત ઈમામ કસાઈ જોઈ રહ્યા. અંતે તેમણે ન્યાય કર્યો. બંને એક-એક ચંપલ પહેરાવે અને બંને

શહેઝાદાઓએ હસતાં હસતાં ગર્વ સાથે ગુરુને ચંપલ પહેરાવ્યા.

ખલીફા હારૂન રશીદને આ ઘટનાની જાણ થઈ. એટલે તેમણે શહેઝાદાઓના એ ગુરુને દરબારમાં પકડી લાવવા હુકમ કર્યો. હઝરત ઇમામ કસાઈ (ર.અ.) દરબારમાં હાજર થયા. ખલીફા હારૂન રશીદે ભર દરબારમાં આપને પૂછ્યું,

' આપે મારા રાજકુમાર પાસે તમારા જૂતા ઉપડાવી, તે તમને પહેરાવવાનું કહ્યું હતું ? '

હઝરત ઇમામ કસાઈએ જરા પણ ડર રાખ્યા વગર કહ્યું,

' હા, મેં જ બંને શહેઝાદાઓને તેમ કરવા જણાવ્યું હતું.'

ભરચક દરબારમાં આવો એકરાર સાંભળી દરબારીઓ ભયભીત થયા. હમણા ખલીફા હારૂન હઝરત ઇમામ કસાઈનું માથું ઉતારી લેશે. પણ થોડી વાર એક નજરે હઝરત ઇમામ કસાઈને જોઈ ખલીફા હારૂન રશીદ બોલ્યા,

' આપે મારા રાજકુમારને આપના જૂતા ઊંચકવા ન દીધા હોત તો ખરેખર આપ સજા પામત. પણ આપે તો તેમને ગુરુની ઇજ્જત કરવાનું શીખવી તેમની ઇજ્જત વધારી છે.'

દરબારીઓ ખલીફાનું આ વલણ જોઈ ખુશ થયા. જ્યારે હઝરત ઇમામ કસાઈ ખલીફાને કુરનીશ બજાવી ચાલતા થયા, ત્યાં તો ખલીફાનો અવાજ સંભળાયો.

' થોભો, મેં આપને જવાની આજ્ઞા હજુ નથી આપી.'

' પોતાના આસન પરથી ઊભા થઈ ખલીફા હારૂન રશીદ હઝરત ઇમામ કસાઈ પાસે આવ્યા અને તેમને દસ હજાર દિરહમ આપતાં બોલ્યા,

' આપે મારા રાજકુમારને જે કંઈ આપ્યું છે તેની તુલનામાં આ તો ઘણું ઓછું છે. છતાં સ્વીકારીને આભારી કરશો.'

દરબારીઓ ખલીફા હારૂન રશીદનો આ વ્યવહાર અવાચક બની જોઈ રહ્યા.

★★★

હઝરત માલિક બિન દિનાર (ર.અ.) ગળપણ કે ખટાશવાળો કોઈ ખોરાક ખાતા નહીં. રોજ સાંજે રોટી અને પાણીથી જ પેટ ભરતા, રોઝા પણ તેનાથી જ છોડતા. છતાં તેમની તંદુરસ્તી ભલભલાને ઇર્ષા પમાડે તેવી હતી. એક વાર આપ માંદગીમાં સપડાયા. પથારીમાં પડ્યા પડ્યા આપને મિષ્ટાન્ન આરોગવાની ઇચ્છા થઈ. મન બેકાબૂ બન્યું. એટલે આપ પથારીમાંથી ઊઠ્યા અને અશક્તિ હોવા છતાં, ધીમા પગલે બજાર તરફ ચાલવા લાગ્યા. બજારમાં એક મીઠાઈની દુકાનેથી આપે મીઠાઈ ખરીદી આપને મીઠાઈ ખરીદતાં જોઈ પેલા દુકાનદારને પણ નવાઈ લાગી. આપ મીઠાઈ લઈ બજારથી દૂર જ્યાં માણસોની અવરજવર ન હતી ત્યાં ગયા. ત્યાં જઈ મીઠાઈ ભરેલી ટોપલી સૂંઘી અને પછી પોતાની જાતને સંબોધીને બોલ્યા,

' બસ, તને આટલી જ છૂટ છે. મીઠાઈની સુગંધથી વધારે કંઈ જ મેળવવાને તું લાયક નથી.'

પછી એ મીઠાઈ આપે એક ફકીરને આપી દીધી અને પાછા પોતાની જાતને ઉદ્દેશીને બોલ્યા,

' તને સબ્રનો દરજ્જો મારે સમજાવવાનો ન હોય. કારણ કે સબ્રના બદલામાં જે ખુશી તને મળશે તે તો આ મીઠાઈ કરતાં પણ વિશેષ છે.' આટલું કહી આપે ઘર તરફ ચાલવા માંડ્યું.

એક વાર કોઈકે આપને પૂછ્યું,

'આપ પૌષ્ટિક ખોરાક કેમ નથી લેતા ? ચાલીસ દિવસ જો માણસ પૌષ્ટિક ખોરાક ન લે તો તેની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.'

' હું તો હંમેશા રોટી અને પાણી જ લઉં છું. છતાં મને લાગે છે કે મારી બુદ્ધિ ખુદાની ઇબાદતમાં લીન બનતી જાય છે.'

એક માણસ જીવનની છેલ્લી ઘડીઓ ગણી રહ્યો હતો. હઝરત માલિક બિન દિનાર તેની ખબર પૂછવા ગયા. છેલ્લી ઘડીએ આપે તેને ખુદાનું નામ લેવા કહ્યું. પણ પેલો માણસ ખુદાનું નામ લેવાને બદલે બોલ્યો,

' મને આગનો એક પહાડ દેખાય છે. જ્યારે હું ખુદાનું નામ લઉં છું ત્યારે એ આગની જ્વાળાઓ મને દઝાડે છે.'

હઝરત માલિક બિન દિનારને કોઈકે પૂછ્યું,

' આ માણસ આવું કેમ બોલે છે ?'

આપે ફરમાવ્યું,

'કારણ કે એ વ્યાજખોર અને બેઈમાન વેપારી છે.'

★★★

હઝરત ઇમામ જાફર સાદિક (ર.અ.)ના ઉપદેશમાં ઇસ્લામના સિદ્ધાંતો વ્યક્ત થતા હતા. એક વાર એક શખ્સે આપને કહ્યું :

' મને ખુદાનાં દર્શન કરાવો.'

આપે ફરમાવ્યું :

' શું તને ખબર નથી કે હઝરત મુસાને ખુદાએ કહ્યું છે કે તું મને હરગિજ જોઈ નહીં શકે ?'

છતાં પેલા શખ્સે જીદ ચાલુ રાખી.

' આપ મને ખુદાનાં દર્શન કરાવો તો જ માનું કે ખુદા છે.'

આપે ફરમાવ્યું :

' એ માટે તારે ઘણું સહેવું પડશે.'

પેલો બોલ્યો : ' ભલે.'

અને હઝરત ઇમામ જાફર સાદિકે પોતાના અનુયાયીઓને પેલા શખ્સને દોરડાથી બાંધી દરિયામાં ડુબાડવાની સૂચના આપી. અનુયાયીઓએ પેલા શખ્સને બાંધી દરિયાના પાણીમાં પ્રથમ ડૂબકી ખવડાવી. પેલો શખ્સ અત્યંત ગભરાઈ ગયો અને તેણે બૂમ પાડી.

' હઝરત સાદિક મને બચાવો.'

પણ હઝરત સાદિક તો ચૂપચાપ ઊભા રહ્યા.

અનુયાયીએ બીજી ડૂબકી વધારે ઊંડે સુધી ખવડાવી.

પાણીમાં વધુ સમય રહેતાં પેલો શખ્સ વધુ ગભરાયો અને જોરથી બૂમો પાડવા માંડી. પણ તેની બૂમોની હઝરત સાદિક પર જરા પણ અસર ન થઈ. એક ડૂબકી વખતે અનાયાસે પેલા શખ્સના મોઢામાંથી બૂમ નીકળી :

' યા ખુદા, મને બચાવો.'

અને એ બૂમની અસર થઈ. અચાનક દોરડું તૂટી ગયું. અને પેલો શખ્સ પાણીમાં પડ્યો. તરતો તરતો તે કિનારે પહોંચ્યો અને સીધો જ હઝરત ઇમામ જાફર સાદિક પાસે આવ્યો અને સલામ કરી અદબથી બોલ્યો :

' જ્યાં સુધી હું બચાવવા માટે આપને બૂમો પાડતો હતો ત્યાં સુધી મારા હૃદયમાં અંધકાર હતો. પણ મેં અનાયાસે જ્યારે ખુદાની મદદ માંગી ત્યારે એકાએક મારા હૃદયમાં પ્રકાશ થયો અને મારી બેચેની અદશ્ય થઈ, મારું દોરડું તૂટી ગયું. ખરેખર એ જ ખુદા છે જે તેના બંદાઓની બૂમ સાંભળી તેને મદદ કરે છે.'

એટલું કહી તે ચાલ્યો ગયો અને જીવનભર ખુદાની ઈબાદત કરતો રહ્યો.

★★★

રોઝા કે ઉપવાસ દરેક ધર્મમાં સ્થાન પામ્યા છે. તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ દરેક ધર્મમાં શારીરિક અને આધ્યાત્મિક શુદ્ધિનો છે. ઈસ્લામે ઉપવાસ કે રોઝા માટે આખો રમઝાન માસ ફાળવ્યો છે. વહેલી સવારથી લઈને મગરિબ--સૂર્યાસ્ત સુધી અન્નજળ વિના રહેવું એટલે રોઝો કે ઉપવાસ -- એવી સામાન્ય સમજ ઉપરાંત ત્યાગ, પરહેઝગારી (સંયમ)રાખી નમાઝ દ્વારા ખુદાની ઇબાદત કરવી અને જકાત-ખેરાત દ્વારા ગરીબોને સહાય કરવી પણ જરૂરી છે.

રોઝાનું આધ્યાત્મિક મહત્ત્વ તો ઇસ્લામિક ધર્મગ્રંથોમાં સ્વીકારાયું છે. પણ તેનું શારીરિક મહત્ત્વ પણ વિશ્વના કેટલાક જાણીતા દાક્તરોએ સ્વીકાર્યું છે. જેની આછેરી ઝલક થોડાં અવતરણો સાથે અત્રે રજૂ કરું છું :

- રોઝા રાખવાથી વિચારોની વ્યગ્રતા દૂર થાય છે.



INSTITUTE OF ... Acc. No. 130338 Date

- લાગણીઓની ઉગ્રતા શમી જાય છે.

- બુરાઈઓ અને બદીઓ દૂર થઈ જાય છે.

- એકાંત જીવન સરળ રીતે પસાર થાય છે. - **ડૉ. માઈકલ**

- રોગોથી બચવા તેમજ તંદુરસ્તીની રક્ષા માટે મહિનામાં એક વખત રોઝો રાખવો જોઈએ. - **ડૉ. જી. જૈકબ**

- ઇસ્લામિક રીતે રોઝો રાખવો એ ઉપવાસની ઉત્તમ રીત છે. જ્યારે ભૂખ્યા રહેવાની આવશ્યકતા ઊભી થાય ત્યારે મારી સૌને સલાહ છે કે તેણે ઇસ્લામિક રીતે રોઝો રાખી લેવો. સામાન્ય રીતે તબીબો તથા વૈદ્યો જે રીતે બધાને ઉપવાસ રખાવે છે તે રીત મારી દૃષ્ટિએ ભૂલભરેલી છે. - **ડૉ. ઇમર્સન**

- રોઝા રાખવાથી કફ અને શરદીના રોગો નાશ પામે છે.

- **ડૉ. કલાઈવ**

- દુઃખ, તકલીફ, ભૂખ અને તરસ સહન કરવા તથા તેનો અનુભવ કરવા રોઝા રાખવા ઉત્તમ છે. - **ડૉ. હંગર**

- ક્યારેક ક્યારેક રોઝો રાખવાથી શરીરને ઘણા લાભ મળે છે, પરંતુ સેહરી (રોઝો રાખતા સમયે) અને ઇફતાર (રોઝો છોડવાના સમયે) ખાઉધરા ન બનવું જોઈએ. એમ કરવાથી રોઝો રાખવાનો હેતુ માર્યો જાય છે. - **ડૉ. ફ્રેન્કલીન**

- રોઝા રાખવાથી વિચારો નિર્મળ અને તંદુરસ્ત રહે છે. શૈતાનિયતભર્યા વિચારોથી બચી શકાય છે. - **ડૉ. અબ્રાહમ જે. હેન્રી**

- શાંતિ અને સંતોષ પામવા માટે રોઝા ઉત્તમ સાધન છે. - **ડૉ. સોમટી**

- જાતીય ઇચ્છા ઉપર કાબૂ ધરાવવા ઇચ્છતી વ્યક્તિએ મોટે ભાગે રોઝા રાખવા જોઈએ.

મુસલમાનોની રોઝા રાખવાની પદ્ધતિ મને તો ઘણી ગમી છે. તેથી હું મારા ખ્રિસ્તી મિત્રોને સદા એવી સલાહ આપું છું કે તેઓ રોઝા રાખવા માટે મુસલમાનોને અનુસરે. - **ડાં. રિચાર્ડ**

★★★

**હ**ઝરત અતબા બિન ગુલામ (ર.અ.) હઝરત હસન બસરી (ર.અ.) ના શિષ્ય હતા. પણ શિષ્ય બનતાં પહેલાં આપ દિલફેંક આશીક હતા. એક ખૂબસૂરત સ્ત્રીના પ્રેમમાં આપ પાગલ હતા. રાત્રે તે સ્ત્રીનાં સ્વપ્નો જોતા અને દિવસે તે સ્ત્રીની પાછળ ફર્યા કરતા. આપના આવા વર્તનથી તે સ્ત્રી પણ પરેશાન હતી. અંતે એક દિવસ એ ખૂબસૂરત સ્ત્રીનો જ્યારે આપ પીછો કરી રહ્યા હતા ત્યારે તેણીએ આપને રસ્તા વચ્ચે રોક્યા અને પૂછ્યું,

' તમે હંમેશા મારો પીછો શા માટે કરો છો ?' આપે કહ્યું,

' હું આપને દિલોજાનથી ચાહું છું, પ્રેમ કરું છું.' પેલી સ્ત્રીએ આપને પૂછ્યું,

' આપ મારા જિસ્મને ચાહો છો ?'

આપે ફરમાવ્યું,

' તમારા જિસ્મના એક એક અંગને હું ચાહું છું.' પેલી સ્ત્રીએ ફરી વાર પૂછ્યું,

' આપ સૌથી વધુ મારા કયા અંગને ચાહો છો ?'

આપે ફરમાવ્યું,

' તમારી ખૂબસૂરત આંખોને !'

આપનો જવાબ સાંભળી પેલી સ્ત્રી સ્મિત કરતી ચાલી ગઈ. અને આપ પોતાની મહોબ્બતના એકરારથી પ્રસન્ન થતા ઘરે આવ્યા. પેલી સ્ત્રીએ આપની મહોબ્બતનો સ્વીકાર કર્યો છે એ વિચારે આપ આખી રાત સૂઈ ન શક્યા.

વહેલી સવારે આપના ઘરનો દરવાજો કોઈએ ખખડાવ્યો આપે ઊઠીને દરવાજો ખોલ્યો. એક નોકર હાથમાં ઢાંકેલી ચાંદીની થાળી લઈને ઊભો હતો. આપને જોઈ તે બોલ્યો,

' આપ માટે એક સ્ત્રીએ ભેટ મોકલી છે.' આપ સમજી ગયા. આનંદના આવેશમાં ભેટનો સ્વીકાર કરતાં આપે પેલા નોકરને બક્ષીશ આપી. થાળી લઈ આપ ઘરમાં દાખલ થયા અને તેના પર ઢાંકેલું કપડું હટાવી જોયું. થાળીમાં બે આંખો અને એક પત્ર હતો. પત્ર આપે વાંચ્યો :

' આપને અત્યંત પ્રિય એવી મારી બે આંખો ભેટ મોકલું છું.'

અને તે દિવસે એ બે આંખોએ આપની આંખો ખોલી નાંખી. જિસ્મની મહોબ્બતની પોકળતા આપને સમજાઈ. આપ સીધા હઝરત હસન બસરી પાસે પહોંચ્યા. તેમની પાસે આક્રંદ સાથે પોતાના ગુનાની માફી માંગી, અને જિસ્મની મહોબ્બતમાંથી મુક્ત થઈ ખુદાની મહોબ્બતમાં લાગી ગયા અને જિંદગીભર તેમાં મશગૂલ રહ્યા.

★★★

હઝરત અતબા બિન ગુલામ (ર.અ.) નું હૃદય પરિવર્તન થયા પછી તેઓ હંમેશા ખુદાની ઇબાદતમાં જ લીન રહેતા. આપે પોતાની જવાબદારીઓ બીજા પર ક્યારેય નાંખી ન હતી. પોતાના હાથે જ આપ જવની ખેતી કરતા. પોતાના હાથે જ તેનો લોટ બનાવતા અને તેની રોટલી બનાવી તે જ આરોગતા. આ સિવાય આપે ક્યારેય સારું ખાધું નથી કે કદાપી સારું પહેર્યું નથી. એક વાર કોઈકે આપને ટકોર કરતાં કહ્યું,

' એ અતબા, તારી હાલત જોઈને તને તારી દયા નથી આવતી ?'

આપે સસ્મિત ફરમાવ્યું,

' દુનિયા તો ચાર દિવસની છે, અહિંની મામૂલી તકલીફોના બદલામાં જો મૃત્યુ પછીની મોટી તકલીફો દૂર થતી હોય તો એથી રૂડું શું કહેવાય ?'

એક વાર હાડ ઓગાળી નાંખે તેવી ઠંડીમાં એક માત્ર પાતળો ઝભ્ભો પહેરીને બેઠા હતા, છતાં આપનું શરીર પસીનાથી તરબતર હતું. આપના એક શિષ્યને આ જોઈ નવાઈ લાગી, આથી તેણે આપને પૂછ્યું,

' આટલી ઠંડીમાં આપે માત્ર પાતળો ઝબ્બો પહેર્યો છે, છતાં આપ પરસેવાથી રેબઝેબ કેમ છો ?'

આપે ફરમાવ્યું,

' આ મારી શરમિંદગીનો પસીનો છે.'

' એટલે ?' શિષ્યએ પૂછ્યું.

આપે ભૂતકાળમાં સરી જતાં કહ્યું,

' વર્ષો પહેલાં મારે ત્યાં એક મહેમાન આવ્યા હતા. ભોજન પછી તેમણે હાથ સાફ કરવા મારા પાડોશીની દીવાલમાંથી થોડી માટી લીધી. જો કે પાડોશીએ તો એ બદલ મને કશું કહ્યું નહિ. પણ તે દિવસથી જ્યારે પણ પાડોશીની દીવાલ પર મારી નજર પડે છે ત્યારે શરમિંદગીથી હું પસીનો પસીનો થઈ જાઉં છું.'

નૈતિક મૂલ્યોની આવી ખેવના રાખનાર હઝરત અતબા બિન ગુલામને નત મસ્તકે પ્રણામ કરી શિષ્ય તો ચાલ્યો ગયો. પણ આપ તો હજુ પણ શરમિંદગીના એ પરસેવે નહાઈ રહ્યા હતા.

★★★

**એ**ક વાર હઝરત ઇમામ જાફર સાદિક (ર.અ.) શિષ્યોને ઉપદેશ આપી રહ્યા હતા. તેમની વાએઝ (ધાર્મિક પ્રવચન) માં શિષ્યોને ન સમજાય તો અધવચ્ચે પણ પૂછવાની છૂટ હતી. આપે વાએઝમાં ફરમાવ્યું,

' દુનિયામાં પાંચ માણસોની કદાપિ સોબત ન કરશો.'

એક શિષ્યે ઉત્સુકતાથી પૂછ્યું,

' કયા પાંચ માણસોની ?'

આપે પેલા અનુયાયીની જ્ઞાન પામવાની ઉત્સુકતાની કદર રૂપે તેની સામે જોઈ સ્મિત કર્યું. પછી ફરમાવ્યું,

' જુઠા, બેવકુફ, કંજૂસ, ડરપોક અને વ્યભિચારી માણસનો સંગ ક્યારેય ન કરશો.'

પેલા અનુયાયીએ પાછું પૂછ્યું,

' શા માટે ?'

આપે સમજાવતાં કહ્યું,

' જુઠ્ઠો માણસ ખુદ પણ ડૂબે છે અને તમને પણ ડુબાડે છે, બેવકૂફ માણસ જેટલું તમારું ભલું કરે છે, એટલું જ તમારું બૂરું કરે છે. ડરપોક માણસ કપરા સમયે ભાગી જતાં શરમાતો નથી. કંજૂસ માણસ પૈસાની લાલચમાં તમારો કિંમતી સમય વ્યય કરે છે અને વ્યભિચારી માણસ તમને બદનામ કરી મૂકે છે.'

હઝરત ઇમામ જાફર સાદિક રાત દિવસ ખુદાની ઇબાદતમાં લીન રહેતા. પરિણામે તેમના ચહેરા પર ગજબનું તેજ હતું. ભલભલા તેમના એ તેજથી અંજાઈ જતા. પણ ખલીફા અબ્બાસી તે વાત માનવા તૈયાર ન હતા. આથી તેમણે વઝીરને હુકમ કર્યો,

' જાઓ, હઝરત ઇમામ સાદિકને પકડી લાવો. મારે તેમના ચહેરાના તેજને જોવું છે.'

વઝીરે ખલીફાને ખૂબ સમજાવ્યા કે સંતના તેજનાં પારખાં ન હોય, પણ ખલીફા એકના બે ન થયા. અંતે હઝરત ઇમામ સાદિકને કેદ કરી ખલીફા સામે પેશ કરવામાં આવ્યા. ખલીફાએ તેમની સામે જોયું. પણ હઝરત ઇમામ સાદિકના ચહેરા પરના તેજથી તેની આંખો અંજાઈ ગઈ. ખલીફાના હોદ્દાનું અભિમાન ઓગળી ગયું અને અત્યંત નમ્ર સ્વરે ખલીફાએ પૂછ્યું,

' હું આપની શું સેવા કરી શકું ? આપ જે કંઈ માંગશો તે હાજર કરવામાં આવશે.'

દરબારમાં સન્નાટો પ્રસરી ગયો.

હવે હઝરત ઇમામ સાદિક ખલીફા પાસેથી અઢળક ધનદોલત માંગશે એવી અપેક્ષાથી લોકો હઝરત ઇમામ સાદિકનો જવાબ સાંભળવા ઉત્સુક બન્યા, પણ ઇમામ સાદિક એટલું જ બોલ્યા,

' ફરી વાર મને આ રીતે બોલાવી મારી ઇબાદત (ભક્તિ) માં ખલેલ ન કરશો.'

અને ભરચક દરબારને ચીરતો એક પ્રકાશ દરબારમાંથી ચાલ્યો ગયો. ખલીફા મન્સૂર અવાચક બની માત્ર જોઈ રહ્યા.

★★★

હઝરત ઇબ્રાહીમ અદહમ (ર.અ.) બલ્ખની બાદશાહી છોડી ચૌદ વર્ષ સુધી જંગલમાં ખુદાની ઇબાદત કરતા રહ્યા. પંદરમે વર્ષે તેઓ મક્કાની યાત્રાએ જવા નીકળ્યા. મક્કામાં આપના આગમનની જાણ મક્કાવાસીઓને થતાં આપના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ થવા લાગી. આપ જેવા આલીમ (જ્ઞાની)ને આવકારવા મક્કાની પ્રજા બેતાબ હતી. રસ્તામાં આપને આની જાણ થઈ. એટલે આપે આવું ભવ્ય સ્વાગત ન થાય તેમ મનોમન નક્કી કર્યું. એટલે કાફલાથી અલિપ્ત થઈ ચોરીછૂપીથી આપ

મક્કામાં દાખલ થયા. આપને મક્કામાં પ્રવેશતાં જોઈ સ્વાગત માટે ઊભેલા એક માણસે આપને પૂછ્યું,

' હઝરત ઇબ્રાહીમ અદહમ (ર.અ.)નો કાફલો કેટલો દૂર છે ?'

આપે ફરમાવ્યું,

' જે માણસ જાહેરમાં ઇમાન રાખતો હોય અને અંદરખાને બેઈમાન હોય તેવા માણસનું સ્વાગત કરીને તમે શું કરશો ?'

હઝરત ઇમામ અદહમ (ર.અ.) અંગે આવા શબ્દો સાંભળી પેલો માણસ ગુસ્સે થયો અને ગુસ્સાના આવેશમાં તેણે આપને ખૂબ માર્યા. આપે એ માર હસતાં હસતાં સહન કરી લીધો. પછી શહેરની એક સુમસામ જગ્યામાં જઈ પોતાની જાતને ઉદ્દેશીને આપે કહ્યું,

' આવા ભવ્ય સ્વાગત માટે મક્કાવાસીઓને એકઠા કરી તારી મોટાઈ દેખાડતા શરમાતો નથી ? તારા આવા અપકૃત્યની સજા તને મળી ગઈ છે.'

એક શિષ્યએ એક વાર આપને પૂછ્યું,

' ખુદાની નજીક પહોંચવા આપ શું કરો છો ?'

આપે ફરમાવ્યું,

' રાત દિવસ માત્ર ચાર કાર્યો જ કરું છું. એક ખુદાની નેમતો (બક્ષીશો) નો આભાર માનું છું. બે, બંદગીના સમયે એકાગ્ર ચિત્તે બંદગી કરું છું. ત્રણ, સંકટ સમયે ધીરજ રાખું છું અને ચાર, ગુનો થઈ જાય તો કરગરીને ખુદા પાસે તેની માફી માંગું છું.'

★★★

**મા**નવીએ સત્કાર્યો લોકચાહના કે ખ્યાતિ મેળવવા માટે ન જ કરવાં જોઈએ. એક હાથ દાન આપે તો તેની જાણ બીજા હાથને પણ ન થાય, એ જ દાનની સાચી પરિભાષા છે. દરેક ધર્મે આ બાબતનો સ્વીકાર કર્યો છે. ઇસ્લામમાં પણ પ્રસંશા કે ખ્યાતિની ઇચ્છાએ કરેલ કોઈ પણ સત્કાર્ય ખુદાને મંજૂર નથી.

અરબમાં હાતિમતાઈ નામે એક મોટો દાનવીર થઈ ગયો. પોતાની સખાવત અને દાનવૃત્તિને કારણે તે ખૂબ જાણીતો હતો. સમગ્ર જીવન દરમ્યાન છૂટા હાથે દાન કરનાર આ દાનવીર અવસાન પામ્યો. લોકોએ હાતિમતાઈના ગુણગાન કરવા માંડ્યા. હાતિમતાઈનાં સત્કાર્યોના બે મોઢે વખાણ થવા લાગ્યા. ખુદાના નેક ફરિશ્તા તરીકે તેની ગણના થવા લાગી. આ બધાથી પ્રભાવિત થયેલા તેના પુત્ર હઝરત અદી બિન હાતિમતાઈએ એક વાર હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને પૂછ્યું,

' યા રસૂલલ્લાહ (સ.અ.વ.), આપ જાણો છો કે મારા પિતા બહુ ભલા, ઉદાર અને દાનવીર હતા. સગાઓ સાથે નમ્રતાથી વર્તતા અને ગરીબો અને સમાજ

માટે તેમણે અનેક સત્કાર્યો કર્યાં હતાં. આ બધાં સત્કાર્યોનો બદલો તેમને ખુદાને ત્યાં મળશે ને ?'

આપ હાતિમતાઈના પુત્રની વાત સાંભળી થોડી વાર મૌન રહ્યા, પછી ફરમાવ્યું,

' તારા પિતાની દુનિયામાં પ્રખ્યાત થવાની જે ઇચ્છા હતી તે પૂરી થઈ ગઈ છે. માટે હવે ખુદાને ત્યાં તેને કંઈ જ નહીં મળે.'

આ અંગે કુરાને શરીફમાં કહ્યું છે કે,

' ખ્યાતિ કે પ્રશંસા પામવાની ઇચ્છાથી કરેલ નેકીઓ વંટોળિયાના એક પ્રવાહમાં તણાઈ જશે. ખુદાને ત્યાં આવી નેકીઓનો કોઈ જ બદલો નથી.'

★★★

હજરત અબૂ હાઝિમ મક્કી (ર.અ.) પવિત્ર ને ચુસ્ત ઓલિયા (સત) હતા. ઇચ્છાઓને કાબૂમાં રાખી ખુદાની ઇબાદતમાં મશગૂલ રહેવામાં આપ માહિર હતા. આપનો સરળ ભાષામાં અપાતો ઉપદેશ લોકોનાં દિલો-દિમાગ પર છવાઈ જતો. આથી જ આપના અનુયાયીઓનો મોટો વર્ગ હતો.

એક વાર એક શિષ્યએ આપને પૂછ્યું,

' એવું કયું કામ છે જે બંદાને ખુદાની નજીક લઈ જાય છે ?'

આપે ફરમાવ્યું,

' ઇમાનદારીથી મેળવેલ પૈસા ઇમાનદારીના માર્ગે ખર્ચવાનું.'

દુન્યવી બાબતોથી આપ અત્યંત અલિપ્ત રહેતા. આપને ખુદા સિવાય કોઈ જ બાબત આકર્ષી શકતી નહીં, એક વાર આપ બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એક મીઠાઈની દુકાન પાસેથી પસાર થયા. આપને જોઈ દુકાનદારે કહ્યું,

' બહુ સરસ મીઠાઈ છે થોડી લઈ જાઓ.'

આપે ચાલતાં ચાલતાં જ જવાબ આપ્યો,

' મારી પાસે પૈસા નથી.'

દુકાનદારે આપને લલચાવતાં કહ્યું,

' ઉધાર લઈ જાવ.'

હવે આપ અટક્યા. દુકાનદાર પાસે આવી આપે ફરમાવ્યું,

' પહેલાં હું મારા આત્માને તો ઉધાર લેવા મનાવી લઉં, પછી ઉધાર લઈ જઈશ.'

દુકાનદાર બોલ્યો,

' આવી ખોટી દલીલોમાં જ તમે દૂબળા થઈ ગયા છો. તમારા શરીર પર માત્ર હાડકાં જ રહી ગયાં છે.'

આપે હસતાં હસતાં ફરમાવ્યું.

' આમ છતાં કબ્રના કીડાઓ માટે હજુ મારું શરીર ઉમદા ખોરાક છે.'

તેમણે એક વાર ઉપદેશ આપતાં કહ્યું,

' તમામ બાબતોના મૂળમાં માત્ર બે જ સિદ્ધાંત છે. એક સિદ્ધાંત તે એ કે તમારા માટે જે સર્જાયું છે તે જ તમને મળશે. અને તે તમને મળતાં કોઈ રોકી શકશે નહીં. બીજો સિદ્ધાંત એ છે કે જે વસ્તુ તમારા માટે નથી સર્જાઈ તે તમને ગમે તેટલા પ્રયાસો કરશો છતાં નહીં જ મળે. કારણ કે ખુદાએ તે તમારા માટે સર્જી જ નથી.'

★★★

**સં**ત, જ્ઞાની કે સામાન્ય માનવીનું મૂલ્યાંકન સમાજના તેના પ્રત્યેના સારા અને નરસા બંને પ્રકારના અભિપ્રાય પર આધારિત છે. ઓલિયા કે આલીમના લોકોમાં માત્ર વખાણ જ થવા કાફી નથી, પણ તેના વિશે નરસું કહેનાર પણ જરૂરી છે.

કારણ કે ઓલિયા કે આલીમ અંગે માત્ર સારું જ સાંભળવા મળે તો સમજવું કે તે બધાને સારું લગાડવા સત્ય છુપાવી, અસત્યથી કામ લે છે.

એક વાર એક માણસ હઝરત ખ્વાજા નિઝામુદ્દિન ઓલિયાને મળવા પોતાના ગામથી દિલ્હી જવા નીકળ્યો. રસ્તામાં તે દરેકને હઝરત ખ્વાજા નિઝામુદ્દિન અંગે પૂછતો જાય;

' હઝરત ખ્વાજા નિઝામુદ્દિન ઓલિયા કેવા છે ?'

રસ્તામાં મળતાં મોટાભાગના રાહદારીઓએ કહ્યું,

' વાહ, હઝરત ખ્વાજા જેવા ઓલિયા તો બહુ ઓછા જોવા મળશે.'

એ જ્યારે દિલ્હી શહેરમાં દાખલ થયો ત્યારે તેણે એક વ્યક્તિને પૂછ્યું.

' હઝરત ખ્વાજા નિઝામુદ્દિન ઓલિયા કેવા છે ?'

પેલા રાહદારીએ મોં બગાડી જવાબ આપ્યો,

' એમની જબાન પર તો હમેશા કડવાશ જ હોય છે. આવા તો કંઈ ઓલિયા હોતા હશે ?'

પેલો માણસ અંતે હઝરત ખ્વાજા નિઝામુદ્દિન પાસે પહોંચ્યો. આપને સલામ કરી તેણે કહ્યું,

' હું ઘણે દૂરથી આપનાં દિદાર (દર્શન) કરવા આવ્યો છું, પણ આપના જેવા ઓલિયા વિશે પણ સારા અને નરસા બે અભિપ્રાયો જાણી મને નવાઈ લાગી.'

આપે ફરમાવ્યું,

' ઓલિયા, આલીમ કે સામાન્ય માનવી ગમે તેની ઓળખ માટે સારા અને

નરસા બંને પ્રકારના અભિપ્રાયો જરૂરી છે. જો તેમ હોય તો જ તે સાચો આલીમ કે ઓલિયા કહેવાય, અન્યથા તે બેમાંથી કશું જ નથી, પણ માત્ર બધાને ખુશ રાખનાર દંભી માણસ જ છે.'

★★★

હઝરત ઇબ્રાહીમ અદહમ પ્રારંભના દિવસોમાં બલ્ખના સુલતાન હતા. પણ એકાએક આપના જીવનમાં પરિવર્તન આવ્યું અને આપ ખુદાની ઇબાદતમાં લાગી ગયા. આ પરિવર્તનના કેટલાક કિસ્સા જાણવા અને માણવા જેવા છે. એક રાત્રે આપ મહેલમાં આરામ ફરમાવી રહ્યા હતા. મહેલની છત પર કોઈના પગલાંની આહટ આપે સાંભળી, આપે બૂમ પાડી પૂછ્યું, ' છત પર કોણ છે ?'

જવાબ મળ્યો, ' હું છું આપનો એક પરિચિત.'

' આટલી મોડી રાત્રે છત પર શું કરો છો ?' આપે પૂછ્યું.

જવાબ મળ્યો, ' મારા ખોવાઈ ગયેલા ઊંટની શોધ કરું છું.'

આપે ફરમાવ્યું, ' છત પર ઊંટ કેવી રીતે હોઈ શકે ?'

પેલાએ જવાબ આપ્યો,

' જો તખ્તોતાજ (બાદશાહત) માં તમને ખુદા મળી શકતો હોય તો મને છત પર ઊંટ કેમ ન મળે ?'

દલીલ સાંભળી આપને આંચકો લાગ્યો.

એક દિવસ આપ દરબારમાં બેઠા હતા, રાજદ્વારી ચર્ચાઓ ચાલતી હતી. ત્યાં જ દરબારમાં એક માણસ દાખલ થયો. ચારે બાજુ નજર કરતો એ માણસ છેક આપના તખ્ત પાસે આવી પહોંચ્યો. અંતે આપે તેને રોકતાં કહ્યું,

' તમે કોણ છો અને દરબારમાં કોને શોધી રહ્યા છો ?'

પેલાએ જવાબ આપ્યો,

' માફ કરજો હું તો ધર્મશાળા સમજીને અંદર આવ્યો હતો.'

આપે ગુસ્સામાં કહ્યું,

' મહેલને ધર્મશાળા કહેતાં તમને શરમ નથી આવતી ?'

પેલાએ બહુ જ નિરાંતે જવાબ આપ્યો,

' તમારા પહેલાં આ તખ્ત પર કોણ બેસતું હતું ?'

' મારા વાલિદ (પિતા) ' આપે કહ્યું,

' તમારા પછી આ તખ્ત પર કોણ બેસશે ?'

' મારો પુત્ર.' આપે કહ્યું,

પેલાએ સ્મિત કરતાં કહ્યું,

' તો પછી આ ધર્મશાળા નથી તો શું છે ? અહિંયા કોઈ ક્યાં કાયમ ટકી રહ્યું છે ! '

આટલું કહી તે વ્યક્તિ ચાલ્યો ગયો. પણ હઝરત ઇબ્રાહીમ અદહમને એક વધુ આંચકો આપતો ગયો.

★★★

હઝરત જુનેદ બગદાદી (ર.અ.) બગદાદના રહેવાસી હતા. તેમના જ્ઞાન અને ઇબાદતથી પ્રભાવિત થયેલા શિષ્યોનું ઝૂંડ હંમેશા તેમને વિંટળાયેલું રહેતું. શિષ્યોને ઓળખવાની તેમની આગવી દૃષ્ટિ હતી. આપના એક શિષ્ય અબ્દુલ પ્રત્યે આપને કંઈક વિશેષ પ્રેમ હતો. આથી અન્ય શિષ્યોમાં આપના-આ પક્ષપાતી વલણની ચર્ચા ચાલ્યા કરતી. આપ તેનાથી અજાણ ન હતા. એક દિવસ આપે બધા શિષ્યોને ભેગા કર્યા અને કહ્યું,

' પક્ષપાતી વલણ ઓલિયાઓને ન શોભે. હું મારા પ્રિય શિષ્ય અબ્દુલને વધારે ચાહું છું અને અન્ય શિષ્યોને નથી ચાહતો તે સાચું નથી.'

આપ થોડી વાર અટક્યા, બધા શિષ્યો પર એક નજર નાંખતાં આપે કહ્યું.

' અબ્દુલને વધારે મહત્ત્વ આપવાનું સાચું કારણ હું આજે આપને જણાવવા માંગું છું.'

પછી આપે દરેક શિષ્યને એક મૂર્ગી અને એક છરી આપી અને કહ્યું,

' આ મૂર્ગીનું એવા સ્થળે જઈને બલિદાન આપો જ્યાં તમને કોઈ જોતું ન હોય.'

દરેક શિષ્યએ એકાંત સ્થળે જઈ મૂર્ગીનું બલિદાન આપ્યું. અને પાછા આવ્યા. એક માત્ર અબ્દુલ મૂર્ગી અને છરી બંને યથાવત્ લઈને પાછો આવ્યો. આપે તેને પૂછ્યું.

' તેં મારી આજ્ઞાનું પાલન કેમ ન કર્યું ?'

અબ્દુલે સવિનય જણાવ્યું,

' ઉસ્તાદ, આપે મને એકાંત જગ્યામાં જઈ મૂર્ગીનું બલિદાન આપવા જણાવ્યું હતું, પણ હું જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં મને ખુદાની હાજરીનો અહેસાસ થયો. એટલે મૂર્ગીનું બલિદાન આપ્યા વગર મારે પરત આવવું પડ્યું.'

હઝરત જુનેદ બગદાદીએ અબ્દુલની વાત સાંભળી શિષ્યો સામે જોયું અને બોલ્યા,

' હવે અબ્દુલના જ્ઞાન સાથે તમે તમારું જ્ઞાન સરખાવો. હું અબ્દુલને નહીં, અબ્દુલના જ્ઞાનને ચાહું છું.'

બધા શિષ્યો નત મસ્તકે ચુપચાપ ગુરુની વાત સાંભળી રહ્યા.

★★★

ઈસ્લામની તબ્લીગ (પ્રચાર) નો પ્રારંભિક દૌર (સમય) અત્યંત કપરો હતો. હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને પણ ઘડીભર ડગાવી મૂકે તેવા અપમાનો અને ત્રાસનું એ વાતાવરણ હતું. એક સમયે તો મક્કાના કુરૈશ સરદારોએ તો હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને જુદા જુદા માર્ગે ઇસ્લામનો પ્રચાર કરવાનું બંધ કરવા સમજાવી જોયા. પણ રસૂલેપાક (સ.અ.વ.) એકના બે ન થયા. અંતે હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ના કાકા હઝરત અબૂ તાલિબને કુરૈશના સરદારોએ ધમકી આપતાં કહ્યું,

' તમારા ભત્રીજાને સમજાવો. અન્યથા અમે તેને ફના કરી નાંખીશું અથવા ખુદ ફના થઈ જઈશું.'

ધમકી સાંભળી હઝરત અબૂ તાલિબને ચિંતા થઈ. એટલે તેમણે હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને પોતાની પાસે બેસાડી સમજાવતાં કહ્યું,

' ભત્રીજા, મારી હાલત પર રહેમ (દયા) કરો. અને ખુદાની વાત કરવાનું બંધ કરો.'

અત્યાર સુધી મહંમદ સાહેબ (સ.અ.વ.) ને આખા મક્કામાં માત્ર કાકા અબૂ તાલિબનો જ સહકાર હતો. હવે એ પણ નથી રહ્યો, તે જાણી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)નું હૈયું ભરાઈ આવ્યું, આંખો ઊભરાઈ આવી. થોડી ક્ષણો બન્ને વચ્ચે મૌન છવાઈ ગયું. સ્વસ્થ થતાં આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું,

' કાકા, ખુદાના સાંગંદ અગર આ લોકો મારા એક હાથમાં સૂરજ અને બીજા હાથમાં ચાંદ મૂકશે તો પણ હું ઇસ્લામની નૈતિક વાતો કરતો જ રહીશ. ભલે પછી એ માટે મારે જાન પણ ગુમાવવો પડે.'

આપની દૃઢતા હઝરત અબૂ તાલિબને સ્પર્શી ગઈ અને તેઓ બોલી ઊઠ્યા,

' બેટા, તમે તમારી ઇચ્છા મુજબ ઇસ્લામની તબ્લીગ (પ્રચાર)નું કાર્ય ચાલુ રાખો. કોઈની મજાલ છે કે તમારો વાળ પણ વાંકો કરે ?'

આ શબ્દોએ રસૂલેપાક (સ.અ.વ.)ના ગમગીન ચહેરા પર પ્રસન્નતાની લહેર પ્રસરાવી દીધી.

★★★

હઝરત ઇમામ ઇબ્ને શીરી (ર.અ.) અત્યંત જ્ઞાની અને પવિત્ર ઓલિયા હતા. સ્વપ્નનો સાચો અર્થ બતાવવામાં તેઓ માહિર હતા. આપ હંમેશા પોતાનું સર્વસ્વ ત્યાગીને પણ ગરીબોને મદદ કરવા ઉત્સુક રહેતા.

એક દિવસ આપ બજારમાંથી પસાર થઈ રહ્યા હતા. અનાયાસે આપની નજર એક ગરીબ માણસ પર પડી. અને સહાનુભૂતિથી આપે તેના હાલચાલ પૂછ્યા,

' કેમ, ખેરિયત તો છે ને ?'

પેલાએ દુઃખી સ્વરે કહ્યું,

' હઝરત, શું ખાક ખેરિયત છે ! પાંચસો દિરહમનું માથે દેવું છે. અને ઘરમાં બાલ-બચ્ચાં ભૂખે મરે છે.'

આ સાંભળી આપ દુઃખી થયા. આપે તેને પોતાની સાથે આવવા કહ્યું, ઘરના દરવાજા પાસે તેને ઊભો રાખી આપ અંદર ગયા, પોતાના કુટુંબ માટે મહામુશ્કેલીથી બચાવી રાખેલા એક હજાર દિરહમ આપે ઘડામાંથી કાઢ્યા અને દરવાજે ઊભેલા પેલા ગરીબ માણસને આપતાં કહ્યું,

' લે આ એક હજાર દિરહમ, પાંચસોથી તારું દેવું ચૂકવજે અને બાકીનાથી તારાં બાલ-બચ્ચાં માટે ખાવાનું લાવજે.'

આ ઘટના પછી આપ બજારમાં હંમેશા નજર નીચી રાખી ચાલતા. એક વાર એક સહાબી (અનુયાયી)એ આપને પૂછ્યું,

' હઝરત, આપ બજારમાં હંમેશા નજર નીચી રાખીને શા માટે ચાલો છો ?'

આપે ફરમાવ્યું,

' મારી ઊંચી નજર ફરી વાર કોઈ ગરીબ પર ન પડી જાય અને ભૂલમાં પણ તેના હાલચાલ ન પૂછી લઉં માટે.'

પેલો અનુયાયી કંઈ સમજ્યો નહીં, એટલે પ્રશ્નાર્થ ચહેરે આપની સામે જોઈ રહ્યો. આપે તેની દ્વિધા પામી જતાં ફરમાવ્યું,

' જે ગરીબની તમે મદદ ન કરી શકો તેના ખબર અંતર પૂછી તેને દુઃખી કરી, તેની મજાક ક્યારેય ન માણશો. મારી પાસે માત્ર એક હજાર દિરહમ હતા. તે મેં એક ગરીબને આપી દીધા, હવે મારી પાસે કશું નથી. એટલે નીચી નજરે બજારમાંથી નીકળું છું. જેથી ભૂલમાં પણ કોઈ ગરીબના ખબરઅંતર મારાથી ન પુછાઈ જાય.'

આટલું કહી નીચી નજર કરી આપે બજાર તરફ ચાલવા માંડ્યું.

★★★

**મ**રબઅ બિન કૈઝી નામનો એક અંધ મદિનામાં રહેતો હતો. આ એ સમય હતો જ્યારે મહંમદ સાહેબ (સ.અ.વ.) ઇસ્લામના પ્રચારના કારણે રોજ અપમાનો સહન કરતા હતા. તેમના ચહેરા પર શાંતિ અને પ્રસન્નતા છવાયેલા રહેતા. મરબઅ બિન કૈઝી નામના એ અંધે એક સુંદર બગીચો બનાવ્યો હતો.

પ્રકૃતિ-પ્રેમી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને એક દિવસ તેમના સાથીઓ સાથે તે બગીચામાં જવાની ઇચ્છા થઈ એટલે તેની ઇજાજત એ અંધ પાસે માંગતાં આપે ફરમાવ્યું,

' તમને વાંધો ન હોય તો તમારા બગીચામાંથી હું અને મારા સાથીઓ પસાર થઈએ ?'

મરબઅ બિન કૈઝી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબનો કટ્ટર વિરોધી હતો. ઇસ્લામની વાતોને તે ધિક્કારતો. એટલે મહંમદ સાહેબ (સ.અ.વ.) ને ઘૃણાથી જવાબ આપતાં તેણે કહ્યું,

' મહંમદ (સ.અ.વ.) તમે સાચા પયગમ્બર હોત તો પણ હું તમને મારા બગીચામાં દાખલ થવા ન દેત.'

આપ (સ.અ.વ.) શાંતિથી તેની કડવી વાણી સાંભળી રહ્યા. એટલે પેલા અંધને સંતોષ ન થયો. તેનો ગુસ્સો બેવડાયો. જમીન પરથી મુઠ્ઠી ભરીને ધૂળ લઈ તે બોલ્યો,

' આ ધૂળ માત્ર તમારા (સ.અ.વ.) પર જ પડશે તેવી મને ખાત્રી હોત તો હું તમારા પર ધૂળનો વરસાદ વરસાવત.'

આ સાંભળી રસૂલેપાક (સ.અ.વ.) ના સાથીઓ ગુસ્સે ભરાયા. કેટલાક તો પેલા અંધને મારવા પણ દોડ્યા. તે તમામને રોકતાં હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું,

' તેને જવા દો, માફ કરો. કારણ કે તે માત્ર આંખોથી જ નહીં, મનથી પણ અંધ છે.'

અને આટલું કહી આપ ઇસ્લામની તબલીગ (પ્રચાર) માટે અન્ય સ્થળે ચાલી નીકળ્યા.

★★★

**એ** દિવસોમાં મક્કામાં કુરાને શરીફની તિલાવત કરવાની (કુરાને શરીફની આયાતો બુલંદ અવાજે પઢવાની) કોઈ હિમ્મત ન કરતું. નમાઝ પણ જંગલની ઝાડીઓમાં કે ઘરમાં છુપાઈને લોકો પઢતા. કારણ કે કુરૈશ નામની જાતિનો ચારે બાજુ ભય પ્રવર્તતો હતો. એવા કપરા દિવસોમાં એક દિવસ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ પોતાના અનુયાયીઓને પૂછ્યું,

' કુરૈશ જાતિને કુરાને શરીફની આયાતો સંભળાવવી છે. કોણ હિમ્મત કરશે ?'

હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદ બોલી ઉઠ્યા, ' હું સાહસ ખેડવા તૈયાર છું.'

રસૂલેપાક (સ.અ.વ.) એ ફરમાવ્યું, ' તમે રહેવા દો. તમે એકલા છો. કોઈ મોટા કબીલાવાળી વ્યક્તિ આ કામ કરે તો સારું. જેથી કુરૈશ તેને ઇજા પહોંચાડવાની હિમ્મત ન કરે.'

છતાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદે તો મક્કમતાથી કહ્યું, ' ના હું જ આ કાર્ય કરીશ. મારું ભલે જે થવાનું હોય તે થાય.'

અને બીજે દિવસે સવારે હઝરત અબ્દુલ્લાહ બિન સમઉદ કુરૈશના વિસ્તારમાં બેખોફ (ડર વગર) પહોંચી ગયા. બુલંદ અવાજે તેમણે કુરાને શરીફની આયાતો પઢવા માંડી. કુરૈશ જાતિના માણસો આ સાંભળી ઉશ્કેરાયા અને હઝરત અબ્દુલ્લાહ પર એક સાથે તૂટી પડયા. ચારે બાજુથી લાતો, તમાચા અને જે હાથમાં આવ્યું તેનાથી હઝરત અબ્દુલ્લાહને બેસુમાર માર માર્યો. તેની સામે એક પણ શબ્દ ઉચ્ચાર્યા વગર હઝરત અબ્દુલ્લાહ માર ખાઈ પાછા ફર્યા. શરીર પરના મારના ચિહ્નોમાંથી લોહી વહી રહ્યું હતું. આપની આવી હાલત જોઈ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું,

' તમારી સાથે એ જ વ્યવહાર થયો જેનો મને ડર હતો.'

ચહેરા પરની લોહીની સેરને લૂછતાં હઝરત અબ્દુલ્લાહ બોલ્યા,

' આવી ઘટના મારા મકસદમાંથી મને ચલિત નહીં કરી શકે. હું તો કાલે પણ પાછો જઈશ અને કુરાને શરીફની આયાતો દ્વારા તેમને જ્ઞાનનો પ્રકાશ આપીશ.'

આપ (સ.અ.વ.) ને હઝરત અબ્દુલ્લાહની મક્કમતા જોઈ સંતોષ થયો, એટલે શાંતિથી આપે ફરમાવ્યું,

' આટલું બસ છે. હવે ત્યાં જવાની જરૂર નથી.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પછી કુરાને શરીફની આયાતો કુરૈશને સંભળાવનાર હઝરત અબ્દુલ્લાહ બિન મસઉદની આવી દઢતા આજે પણ ઇસ્લામના ઇતિહાસમાં મિસાલ (દષ્ટાંત) છે.

★★★

ઇલ્મ એટલે જ્ઞાન. ઇસ્લામમાં સરળ કે ગહન ગમે તેવું જ્ઞાન આપનાર નાનો-મોટો, ગરીબ-અમીર, દોસ્ત-દુશ્મન, જ્ઞાની-અજ્ઞાની દરેક સન્માનને લાયક છે. એવી વ્યક્તિને ગુરુનો – ઉસ્તાદનો દરજ્જો આપી, તેની ઇજ્જત કરવી એ ઇસ્લામનો નોંધપાત્ર સિદ્ધાંત છે.

એક વાર હઝરત ઇમામ આજમ (ર.અ.) ડોલીમાં બેસી ભરબજારમાંથી પસાર થઈ રહ્યા હતા. એકાએક તેમની નજર એક ગરીબ સફાઈ કામદાર પર પડી. મેલાં ઘેલાં વસ્ત્રોમાં હાથમાં ઝાડુ લઈ તે રસ્તો વાળતો હતો.

હઝરત ઇમામ આજમ (ર.અ.) એ ડોલી ઊભી રાખી અને તેમાંથી ઊતરી તેઓ પેલા ગરીબ માણસ પાસે પહોંચ્યા. ભરબજારમાં લોકો જુએ તેમ તેનો હાથ ચૂમી તેના ખબરઅંતર પૂછ્યા. પછી ડોલીમાં પરત આવી ડોલી આગળ ચલાવવા શિષ્યોને સૂચના આપી.

ડોલી મુકામ પર પહોંચી ત્યારે એક શિષ્યએ પોતાની જિજ્ઞાસા નિવારવાના હેતુથી હઝરત ઇમામ આજમ (ર.અ.) ને પૂછ્યું.

' આપે પેલા ગરીબ સફાઈ કામદારનો હાથ ચૂમી તેને ઇજ્જત બક્ષી, તેના ખબર-અંતર પૂછ્યા, એ ન સમજાયું.'

હઝરમ ઇમામ આજમ (ર.અ.) બોલ્યા,

' એ સફાઈ કામદાર મારા ઉત્સાદોમાંના એક છે.'

સફાઈ કામદાર અને ઉસ્તાદ ! શિષ્યો અવાક્ બની આ વિધાન સાંભળી રહ્યા. શિષ્યોના ચહેરા પરની રેખાઓને પામી જતાં હઝરત ઇમામ આજમ (ર.અ.) બોલ્યા,

' એ સફાઈ કામદારને કૂતરાઓનું સારું જ્ઞાન છે. એક વાર મારે કૂતરાઓની પુખ્તતાની નિશાની જાણવી હતી. ઘણી તપાસ કરી પણ તેની ચોક્કસ નિશાની મને ન મળી. અંતે આ સફાઈ કામદારને એક વાર અચાનક પૂછ્યું, તો તેણે એક જ વાક્યમાં કહ્યું જ્યારે કૂતરો એક પગ ઊંચો કરીને લઘુશંકા કરે ત્યારે સમજવું કે તે પુખ્ત થઈ ગયો છે.'

આટલું કહી હઝરત ઇમામ આજમ (ર.અ.) અટક્યા. પછી બોલ્યા,

' તેણે આપેલ આ જ્ઞાન બદલ હું તેને ઉસ્તાદ માનું છું. કારણ કે નાનામાં નાના માણસ પાસે પણ જ્ઞાનનો એવો ભંડાર હોઈ શકે, જેનાથી મોટામાં મોટો વિદ્વાન અપરિચિત હોય.'

શિષ્યો પોતાના વિદ્વાન ગુરુ હઝરત ઇમામ આજમ (ર.અ.) ના અદના ગુરુ ની કહાની સ્તબ્ધ બની સાંભળી રહ્યા.

★★★

**યુ**દ્ધ અને પ્રેમમાં બધું જ સ્વીકાર્ય છે, એમ ભલે કહેવાતું, પણ ઇસ્લામ તેની સાથે સંમત નથી. કારણ કે નૈતિક મૂલ્યોના આચરણનો ઇસ્લામે પાયામાંથી સ્વીકાર કર્યો છે. એ નાતે યુદ્ધ, પ્રેમ કે અન્ય અસાધારણ સંજોગોમાં આપેલ વચન જાનના જોખમે, લાગણીઓના સંબંધોથી પર રહી, નૈતિક રીતે પાળવાનું હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબે કહ્યું છે.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) હિજરત કરી મદીના આવ્યા પણ તેમના કેટલાક સાથી મક્કામાં રહી ગયા. અને બદ્રના મેદાનમાં યુદ્ધ આરંભાયું. યુદ્ધના કપરા વાતાવરણમાં હુઝૈફહ બિન યમાન અને તેમના પિતા મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબ પાસે મદીના આવવા નીકળ્યા. રસ્તામાં દુશ્મનોએ તેમને કેદ કર્યા.

' તમે ત્યાં નહીં જઈ શકો. કારણ કે તમે ત્યાં જશો તો અમારી વિરુદ્ધ લડશો અને એ અમને મંજૂર નથી.'

દુશ્મનોએ પિતા-પુત્રને ધમકી આપી. દુશ્મનોની અપાર યાતનાઓના ડરથી પિતા-પુત્રએ દુશ્મનોને ખાત્રી આપી,

' અમે આપને વચન આપીએ છીએ કે ગમે તે સંજોગોમાં અમે તમારી વિરુદ્ધ નહીં લડીએ.'

આથી દુશ્મનોએ તેમને છોડી મૂક્યા. હજરત હુઝૈફહ અને તેમના પિતા હેમખેમ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની છાવણીમાં પહોંચ્યા. બંને પિતા-પુત્રને સલામત જોઈ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ પૂછ્યું,

' અરે ? દુશ્મનોની છાવણીમાંથી આપ બંને સહીસલામત્ત કેવી રીતે આવ્યા ?'

હઝરત હુઝૈફહે દુશ્મનોને આપેલ વચનની વાત રસુલે પાક (સ.અ.વ.) ને કરી, અને કહ્યું,

' પણ આપ દુશ્મનો સામે લડવાની, અમોને પરવાનગી આપો.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)એ ફરમાવ્યું.

' હરગિજ નહીં, તમે દુશ્મનોને આપેલ વચનનું પાલન કરો. ગમે તે સંજોગોમાં વચન-પાલન જરૂરી છે.'

ઓછી લશ્કરી તાકાત હોવા છતાં પોતાના અનુયાયીઓના વચનનું મૂલ્ય સ્વીકારી યુદ્ધમાં તેમની સહાય નકારનાર તો હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) જેવા કોઈક જ હોય.

★★★

ઈસ્લામમાં ભાઈચારાનું વિશેષ મહત્ત્વ છે. ઘરબાર, ધંધો-રોજગાર, માલ-મિલ્કત બધું ગુમાવી બેસહાર થયેલ માનવીઓને પનાહ (આશરો) આપી, પુનઃ વસાવવા એ સવાબ (પુણ્ય) છે. મુહાજિરન એટલે એવી વ્યક્તિઓ જે સંજોગોનો શિકાર બની વતન, ઘર, મિલ્કત, રોજગાર વગેરે છોડી અન્ય સ્થળે પ્રયાણ કરે છે. આવા કેટલાય મુસલમાનો મક્કાથી પ્રયાણ કરી મદિના આવ્યા હતા. ઘરબાર વગરના આ બેસહારા લોકો સાથે ભાઈચારો કેળવી તેમને પુનઃ વસાવવાનો આદેશ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ આપ્યો હતો.

' આજથી તમે એકબીજાના ભાઈઓ બનીને રહેશો.'

આ આદેશને સ્વીકારી હઝરત અબુબક્ર સિદ્દીક જેવા અનેક મદીના વાસીઓએ હઝરત મારિજહ બિન ઝૈદ જેવા અનેક બેસહારાઓને પોતાના ભાઈ બનાવ્યા હતા.

મક્કાથી આવેલા નિઃસહાય ભાઈઓને પુનઃ વસાવવાના હેતુથી મદીનામાં એક બેઠક મળી, હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબ પણ તેમાં હાજર રહ્યા, બેઠકમાં એક વ્યક્તિએ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબને વિનંતી કરી,

' આપ અમારાં ખેતરો અને વાડીઓનો સરખો ભાગ પાડી અમારા બેસહારા ભાઈઓને વહેંચી દો, જેથી તેઓ જીવનનિર્વાહ ઇજ્જતથી કરી શકે.'

મક્કાથી આવેલા મોટા ભાગના લોકો વેપારીઓ હતા. ખેતીના વ્યવસાયથી

સંપૂર્ણ અજાણ હતા. એટલે એક મુહાજિરન બોલી ઊઠ્યાં,

' અમે ખેતર અને વાડી લઈને શું કરીએ ? અમને ખેતી કરતાં જ નથી આવડતું.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબે આ સાંભળી મદીના વાસીઓ સામે જોયું. મદીના વાસીઓની હવે જ સાચી કસોટી હતી. તેઓ પોતાના બેસહારા ભાઈઓને સહાય કરવા કેટલા તત્પર છે, તે જોવા હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) આતુર હતા.

થોડી વારના મૌનને તોડતાં મદીનાનો એક ખેડૂત બોલી ઊઠ્યો,

' ભલે તમને ખેતી કરતાં ન આવડે ખેતીનું બધું કામ અમે કરીશું. અને જે કંઈ પાક ઊતરશે તેનો અડધો ભાગ અમે તમને આપીશું.'

અને પોતાના અનુયાયીઓ ભાઈચારાનો સાચો અર્થ પામ્યા છે, તેની પ્રતીતિ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબના ચહેરા પર ઊપસી આવી.

★★★

ઇસ્લામમાં નમાઝ, રોઝા અને જકાત દરેક મુસ્લિમ માટે ફરજ તરીકે સ્વીકારવામાં આવેલ છે. દરેક મુસ્લિમે આ ત્રણે બાબતો સંપૂર્ણ આસ્થા સાથે અદા કરવાની હોય છે. નમાઝ ફારસી ભાષાનો શબ્દ છે. નમાઝ એટલે પ્રાર્થના બંદગી. ઇસ્લામમાં વઝૂ દ્વારા દેહશુદ્ધિનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો છે. એ જ રીતે નમાઝ દ્વારા આત્મશુદ્ધિનો માર્ગ ચીંધવામાં આવ્યો છે. એકાગ્ર ચિત્તે ખુદાની બંદગી માટેની નિર્ધારિત ક્રિયા એટલે નમાઝ. નમાઝ સમયે મન કે હૃદય અન્ય વિચારોમાં અટવાયેલું હોય તો નમાઝ ફળદાયી બનતી નથી, એકચિત્તે ખુદાની યાદમાં લીન થવાની માનસિક અને શારીરિક તૈયારી એ નમાઝની પ્રથમ અને મહત્ત્વની શરત છે. જો કે ખુદાની યાદમાં લીન થઈ જવાનું કાર્ય કપરું છે. સંત કબીર કહે છે –

' લીખના, પઢના, ચાતુરી તીનો બાત સહેલ
કામદહન, મન વશકરન, ગગન, ચઢન મુશ્કેલ.'

ઇસ્લામમાં એક દિવસમાં પાંચ વાર નમાઝ અદા કરવાનું ફરજિયાત સ્વીકારવામાં આવેલ છે. પાંચ વખતની નમાઝ એટલે ફઝર (પ્રભાત), જોહર (બપોર), અસર (સાંજ), મગરીબ (સંધ્યા) અને ઇશા (રાત્રી) ની નમાઝો દરેક મુસ્લિમે ફરજિયાત અદા કરવાની હોય છે.

નમાઝમાં દંભ કે આડંબરને સ્થાન નથી. નમાઝના સ્થળ બાબત પણ કોઈ જડ નિયમ નથી, વ્યક્તિગત કે સામૂહિક ગમે તે રીતે કોઈ પણ સ્વચ્છ સ્થળે સાદું કપડું કે ચટાઈ પાથરી, કાબા તરફ મોં કરી નમાઝ પઢી શકાય છે. નમાઝમાં સ્થળ કે વાતાવરણને પ્રાધાન્ય નથી. પણ ભાવના અને એકાગ્રતાનું વિશેષ મહત્ત્વ છે.

' અઝાન ' એટલે નમાઝ કે પ્રાર્થના માટેનું નિમંત્રણ. માનવી દુન્વયી બાબતોથી ઘેરાયેલો છે. અઝાન દ્વારા તેને ખુદાની બંદગીની યાદ આપવામાં આવે છે. ઇસ્લામે નમાઝ અદા કરવામાં પણ સમાનતાનો સિદ્ધાંત સ્વીકાર્યો છે. અમીર-ગરીબ, નાનાં મોટાં સર્વે એક સફ (કતાર) માં ઊભા થઈ ખભેથી ખભો મિલાવી નમાઝ પઢે છે, માંદા, અશક્ત કે અપંગ માનવીઓ માટે નમાઝની ક્રિયામાં પોતાની શારીરિક અનુકૂળતા મુજબ પરિવર્તન કરવાની છૂટ છે. કારણ કે અંતે તો ખુદા પાસે પહોંચવાનું મહત્ત્વ છે, ક્રિયાનું નહિ.

ટૂંકમાં, નમાઝ ખુદા સાથે તાદાત્મ્ય સાધવાનો ધોરી માર્ગ છે. એ માર્ગ પર દોડી જવા માત્ર અંતઃપ્રેરણા જરૂરી છે. ખુદાતઆલા આવી અંતઃપ્રેરણા સૌના હૃદયમાં પેદા કરે એ જ દુવા, આમીન.

★★★

હઝરત શહેશુજા કિરમાની (ર.અ.) રાજ કુટુંબમાં જન્મ્યા હોવા છતાં અત્યંત વૈરાગ્યસંપન્ન અને જ્ઞાની હતા. ' મીરાત ઉલ હકમા ' (જ્ઞાનીઓનું દર્પણ) જેવો ગુઢ ગ્રંથ રચનાર હઝરત શહેશુજા કિરમાની (ર.અ.)ને એક સ્વરૂપવાન પુત્રી હતી. તેના માટે અનેક રાજા મહારાજાઓનાં માંગાં આવતાં પણ શહેશુજા (ર.અ.) નું મન માનતું નહીં.

એક રાત્રે અચાનક તેઓ ઇશાની (રાત્રિની) નમાઝ બાદ શહેરની મસ્જિદોની મુલાકાતે નીકળી પડ્યા રાત્રિના લગભગ બારેક વાગ્યા હશે. એક મસ્જિદમાં એક ગરીબ યુવાન ઇબાદતમાં મશગૂલ તેમણે જોયો. મસ્જિદના દરવાજે આપે પડાવ નાખ્યો. જેવો પેલો ગરીબ યુવાન મસ્જિદ બહાર આવ્યો, આપે તેને પૂછ્યું,

' તું શાદીશુદા (પરિણીત) છે ?'

યુવકે કહ્યું, 'ના'.

' મારી પુત્રી સાથે નિકાહ કરીશ ?'

ગરીબ યુવાન તો હઝરત શહેશુજા કિરમાની (ર.અ.) ની દરખાસ્ત સાંભળી અવાચક બની ગયો.

' પણ હું તો ખૂબ ગરીબ છું. મારી પાસે માત્ર ત્રણ દિનાર સિવાય કશું નથી.' - પેલા યુવાને કહ્યું.

' તું ગરીબ છે છતાં તારી પાસે ઇમાનની દોલત છે. હું મારી પુત્રીના નિકાહ તારી સાથે કરવા તૈયાર છું.'

અને નિકાહ થયા. શાદી પછી ગરીબ યુવાનની ઝૂંપડીમાં હઝરત શહેશુજા કિરમાની (ર.અ.) ની દુખ્તરે (પુત્રીએ) કદમ માંડ્યા. ઝૂંપડીના એક ખૂણામાં પાણીના કુંજા પર રોટલીનો સુકાઈ ગયેલો ટુકડો પડ્યો હતો. એ જોઈ તેણીએ પૂછ્યું,

' સુકાઈ ગયેલો રોટલીનો ટુકડો કેમ મૂકી રાખ્યો છે ?'

' આજે રાત્રે ખાવા કામ લાગશે એમ માની ગઈ કાલથી મૂકી રાખ્યો છે.'

આ સાંભળતાં જ હઝરત શહેશુજા કિરમાની (ર.અ.)ની પુત્રીએ ગરીબ પતિની ઝૂંપડી છોડી પિતાના ઘર તરફ કદમ ઉપાડ્યા. ગરીબ પતિએ તેને રોકતાં કહ્યું,

' મને ખબર જ હતી કે હઝરત શહેશુજા જેવા ધનાઢ્યની પુત્રી મારા જેવા ગરીબને ત્યાં નહીં રહી શકે.'

આ સાંભળી પત્નીએ નમ્રતાથી કહ્યું,

' તમારી ગરીબાઈને હું શિર આંખો પર ચઢાવું છું. પણ ગઈ કાલનો રોટલીનો ટુકડો આજની ચિંતામાં જાળવી રાખનાર ઇન્સાનને ખુદા અને પોતાની જાત પર વિશ્વાસ નથી હોતો. એવા નાસ્તિક અને નિર્બળ ઇન્સાન સાથે હું કેમ રહી શકું ?'

અને પેલા ગરીબ યુવાનની આંખ ખૂલી ગઈ. ખુદા અને પોતાની જાત પર વિશ્વાસ કરી તેણે એ રોટલીનો ટુકડો એક ફકીરની ઝોળીમાં નાંખી દીધો.

★★★

**અ**લીગઢના અપાર ધનાઢ્ય મૌલવી ઇસ્માઈલને હદીસનું જ્ઞાન મેળવવાની ઇચ્છા થઈ. એટલે તેમણે અત્યંત વિદ્વાન હઝરત મૌલાના કાસિમ નાનોતળ (ર.અ.) નો સંપર્ક સાધ્યો. હઝરત નાનોતળ (ર.અ.) એ મૌલવી ઇસ્માઈલ સામે એક નજર કરી, પોતાની શરત સંભળાવી.

'' તમને હદીસનો અભ્યાસ તો કરાવું પણ તનખ્વાહ (વેતન) મારી ઇચ્છા મુજબ લઈશ.''

હઝરત કાસિમ નાનોતળ (ર.અ.) જેવા જ્ઞાની પુરુષ પાસે ગમે તે કિંમતે લોકો શીખવા તૈયાર રહેતા. એટલે મૌલવી ઇસ્માઈલે તો એક પળનો પણ વિચાર કર્યા વગર કહ્યું,

' આપ કહો તેટલી તનખ્વાહ મને મંજૂર છે.'

અને ગુરુ-શિષ્યનો નાતો બંધાયો. એક માસને અંતે વેતન આપવાનો સમય આવ્યો ત્યારે હઝરત કાસિમ નાનોતળ (ર.અ.) બોલ્યા.

' મને માત્ર પંદર રૂપિયા તનખ્વાહ આપો.'

આ સાંભળી ધનાઢ્ય મૌલવી ઇસ્માઈલ તો અવાક્ બની તેમને જોઈ રહ્યા. માત્ર પંદર રૂપિયા ! પણ આવા જ્ઞાની ગુરુ પાસે દલીલને અવકાશ ન હતો. એટલે મૌન રહી પૈસા આપી દીધા. એકાદ માસ થયો ત્યાં તો એક દિવસ હઝરત મૌલાના કાસિમ (ર.અ.) એ પોતાના શિષ્યને કહ્યું.

' મારે તનખ્વાહ બાબત તારી સાથે વાત કરવી છે.'

શિષ્ય મૌલાના ઇસ્માઈલ તો ખુશ થયો. તેને લાગ્યું કે વેતનમાં વધારો કરવાનો પ્રસ્તાવ ગુરુ અવશ્ય મૂકશે. પણ ત્યાં તો હઝરત કાસિમ (ર.અ.) બોલ્યા.

' આ માસથી મને પંદરને બદલે માત્ર દસ રૂપિયા વેતન તરીકે આપજો.'

હવે શિષ્ય ઇસ્માઈલથી ન રહેવાયું.

' આપ જેવા આલીમ (જ્ઞાની) પાસેથી હદીશનું ગૂઢ જ્ઞાન મેળવવું એ તો તકદીરની વાત છે. છતાં આપ આટલું ઓછું વેતન શા માટે લો છો ?'

હઝરત કાસિમ (ર.અ.) બોલ્યા,

' પંદર રૂપિયા મારી જરૂરિયાત પૂરી કરવા પૂરતા હતા. મારા કુટુંબનું ખર્ચ દસ રૂપિયા અને પાંચ રૂપિયા મારા વાલીદ સાહેબ (પિતા)ને આપતો. પણ ગઈ કાલે મારા પિતાનું અવસાન થયું. એટલે હવે પાંચ રૂપિયાની જરૂર નથી. જે પૈસાની જરૂર ન હોય તેનો બોજ મારે શા માટે વહન કરવો જોઈએ ?'

આટલું કહી હઝરત કાસિમ (ર.અ.) એ વિદાય લીધી.

★★★

હઝરત ઇમામ જાફર સાદીક (ર.અ.) અત્યંત જ્ઞાની, અકલમંદ અને પાક ઓલિયા હતા. નમ્રતા, ઉદારતા અને સબ્ર જેવા ગુણો તેમનાં આભુપણ હતાં. હંમેશા ઇમાનને વળગીને સાદું અને પવિત્ર જીવન જીવતા. હઝરત ઇમામ જાફર સાદીક (ર.અ.) પર એક વાર એક વ્યક્તિએ ચોરીનો આરોપ મૂક્યો.

' આપે મારી થેલીમાંથી બે હજાર દિનાર ચોરી લીધા છે.'

હઝરત જાફર સાદીક (ર.અ.) એ કશી દલીલ કર્યા વગર બે હજાર દિનાર ભેગા કરી તેને આપી દીધા. થોડા દિવસ પછી પેલી વ્યક્તિને તેની ગૂમ થયેલી થેલી અન્ય સ્થળેથી મળી આવી. આથી માફી માંગવા અને બે હજાર દિનાર પરત કરવા તે હઝરત ઇમામ જાફર સાદીક (ર.અ.) પાસે આવ્યો ને માફી માંગતાં તેણે કહ્યું,

' આપ મને માફ કરો અને આ બે હજાર દિનાર પાછા લઈ લો.'

' હું આપેલી વસ્તુ પાછી નથી લેતો. જા ખુદાના નામ પર તે ખરચી નાખ'.

હઝરત ઇમામ જાફર સાદીક (ર.અ.) હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબના વંશજ હોવા છતાં અભિમાન રહિત અને નમ્ર હતા. હઝરત દાઉદતાઈ પણ એક મોટા સંત હતા. એક વખત તેઓ હઝરત જાફર સાદીક પાસે આવ્યા અને કહ્યું,

' મહેરબાની કરીને આપ મને કંઈક ઉપદેશ આપો.'

આપે ફરમાવ્યું,

' હઝરત દાઉદતાઈ આપ ખુદ મોટા સંત છો. આપને હું શું ઉપદેશ આપું ?'

હઝરત દાઉદતાઈએ કહ્યું,

' આપ તો હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ના વંશજ છો. આપ તો ઉપદેશ આપવાને અધિકારી છો.'

હઝરત સાદીક (ર.અ.) એ ફરમાવ્યું,

' હઝરત દાઉદ, મને મારા માટે જ શંકા છે. મેં હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની આજ્ઞાઓનું સંપૂર્ણ પાલન કર્યું છે તેમ હું માનતો નથી. અને વંશપરંપરાને લીધે કોઈ ઉપદેશક થઈ શકે નહીં. સત્કાર્ય, સદાચાર, ઇબાદત અને સંયમનો સાચો ઉપાસક જ ઉપદેશક બની શકે.'

હઝરત દાઉદતાઈ મૌન બની એક નજરે નિરાભિમાની હઝરત જાફર સાદીક (ર.અ.)ને જોઈ રહ્યા.

★★★

હઝરત રાબીયા બસરી (ર.અ.)ની વિદ્વત્તામાં રહેલી લાઘવતા અસરકારક હતી. અત્યંત ગૂઢ વિચારને એકાદ વાક્યમાં રજૂ કરવાની તેમની આવડત જાણીતી હતી. રાબીયા (ર.અ.) સાથે અવારનવાર બીજા ઓલિયાઓ સત્સંગ કરવા તેમની ઝૂંપડીએ આવતા અને ખુદા અને તેના સાચા બંદાઓની નિશાનીઓ શોધતા.

એક વાર હઝરત હસન બસરી (ર.અ.), હઝરત શફીક બલ્ખી (ર.અ.), હઝરત માલિક બિન દિનાર (ર.અ.) અને હઝરત રાબીયા (ર.અ.) વચ્ચે સત્સંગ થતો હતો. ચર્ચાનો વિષય હતો -- ખુદાનો સાચો બંદો કોણ ?'

સર્વ પ્રથમ હઝરત હસન બસરી (ર.અ.) એ ફરમાવ્યું,

'જે ઇન્સાન ખુદાએ મોકલેલ તકલીફોને સહન નથી કરી શકતો, તે ખુદાનો સાચો બંદો નથી.'

આ વિધાનોના પ્રતિભાવમાં હઝરત શફીક-બલ્ખી (ર.અ.) બોલ્યા,

' હું એમ માનું છું કે જે ઇન્સાન ખુદાએ બક્ષેલ તકલીફો માટે ખુદાનો શુક્ર અદા નથી કરતો, તે ખુદાનો સાચો બંદો નથી.'

આ સાંભળી અત્યાર સુધી મૌન બેઠેલા હઝરત માલિક બિન દિનાર (ર.અ.) બોલી ઊઠ્યા,

' ખરેખર તો જે ઇન્સાન ખુદાના મારથી શરમીંદગી મહેસૂસ નથી કરતો, તે ખુદાનો સાચો બંદો નથી.'

બધાની દલીલો સાંભળ્યા પછી હઝરત રાબીયા બસરી (ર.અ.)ની સામે ત્રણે ઓલિયાઓએ નજર કરી. અત્યાર સુધી શાંત ચિત્તે સાંભળી રહેલાં રાબીયા (ર.અ.) એ ફરમાવ્યું,

' આ બધા કરતાં ખુદાના બંદાની સાચી ઓળખ એ છે કે જે ઇન્સાન ખુદાની ઇબાદતમાં ખુદાની તકલીફોને પણ વિસરી જાય, તે જ ખુદાનો સાચો બંદો છે.'

હઝરત રાબીયા બસરી (ર.અ.)ની દલીલ સાંભળી હાજર રહેલા ઓલિયાઓ 'વાહ' પોકારી ઊઠ્યા પણ રાબીયા (ર.અ.) 'વાહ'ના એ ઉદ્દગારોને સાંભળ્યા વગર ખુદાની ઇબાદતમાં લાગી ગયાં.

★★★

હઝરત અહમદ (ર.અ.) ચોવીસ કલાક ખુદાની યાદમાં લીન રહેતા, 'સુબ્હાન અલ્લાહ' નું રટણ સતત તેઓ કરતા. એક વાર હજામ તેમની દાઢી મૂછના બાલ ઠીક કરતો હતો.

' આપ થોડી વાર હોઠ હલાવવાનું બંધ કરો તો મૂછના બાલ સરખા કરી શકું' - હજામે વિનંતી કરી.

' તું તારું કામ કર્યે જા અને મને મારું કામ કરવા દે.'

અને દાઢી-મૂછના બાલો સરખા કરતા સમયે 'સુબ્હાન અલ્લાહ'નું રટણ ચાલુ હોઈને, કાતરના અનેક લસરકાઓથી આપનો ચહેરો ભરાઈ ગયો. પણ 'સુબ્હાન અલ્લાહ'નું રટણ આપે નિરંતર ચાલુ રાખ્યું.

હઝરત અહમદ (ર.અ.)નો પ્રભાવ તેમના પાસ-પડોશીઓમાં પણ અનહદ હતો. એક વાર એમના એક પાડોશીનો ઘણો બધો માલ લૂંટારા લૂંટી ગયા. આથી બધા એ પાડોશીને આશ્વાસન આપવા લાગ્યા. આપ પણ એ પાડોશીને ત્યાં પહોંચી ગયા. આપને પોતાના ઘરમાં જોઈ પેલો પાડોશી તો અનહદ ખુશ થયો અને આપની આગતા સ્વાગતા કરવા દોડ્યો. પણ આપે તેને કહ્યું,

' ભાઈ, આ બધું રહેવા દે. મેં સાંભળ્યું છે કે તારું ધન લૂંટારા લૂંટી ગયા. એટલે તને આશ્વાસન આપવા જ આવ્યો છું.'

પેલા વેપારીએ આ સાંભળી હઝરત અહમદ (ર.અ.) સામે મસ્તક ઝુકાવી કહ્યું,

' આપ જેવા ઓલિયાના પાડોશી તરીકે મને મારું ધન ગયાનો જરાય અફસોસ નથી કારણ કે એ તો તુચ્છ અને સાંસારિક ધન હતું. મારું સાચું ધન સચ્ચાઈ અને ઇબાદત તો હજુ અકબંધ છે.'

હઝરત અહમદ (ર.અ.) જેવા ઓલિયાના પાડોશીઓની ધર્મપરાયણતા સામે તેમનો પુત્ર ખૂબ જ સ્વચ્છંદી અને અનૈતિક હતો. કોઈકે આ અંગે એક વાર પૂછ્યું,

' આપનો પ્રભાવ આપના પાડોશીઓમાં પણ છે. પણ આપના પુત્રમાં કેમ નથી ?'

આપે ફરમાવ્યું,

' એક રાત્રે રાજ્ય દરબારમાંથી આવેલી મીઠાઈ અમે બંને પતિ-પત્નીએ ભરપેટ જમી અને તે જ રાત્રે આ બાળકે ગર્ભવાસ કર્યો, એટલે રાજદરબારની દુરાચારિતા તેનામાં ઊતરે તે સ્વાભાવિક છે.'

★★★

**મ**જાક-હાસ્ય એ દરેક યુગપુરુષના સ્વભાવની ખાસિયત રહી છે. હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબ પણ જીવનમાં હાસ્ય અને મજાકને માણતા. પરંતુ તેમની મજાકમાં નિર્દોષ હાસ્ય સિવાય કશું જ ન રહેતું. આ અંગે રસૂલેપાક (સ.અ.વ.) ફરમાવતા,

' મારી મજાકમાં સચ્ચાઈ અને નિર્દોષતાનું સુભગ મિલન હોય છે.'

એક વાર એક અનુયાયી આપની સેવામાં હાજર થયો. અને આપની પાસે સવારી માટે એક જાનવરની દરખાસ્ત કરી. આપે ફરમાવ્યું,

' હું તમને સવારી માટે એક ઊંટણીનું બચ્ચું આપીશ.'

પેલો અનુયાયી તો નવાઈ પામ્યો. ઊંટણીનું બચ્ચું સવારીમાં કેવી રીતે કામ આવે ? એટલે તેણે કહ્યું,

' રસૂલલ્લાહ (સ.અ.વ.) હું ઊંટણીના બચ્ચાને શું કરીશ ? તે તો સવારી માટે નકામું છે.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબે ફરમાવ્યું,

' કોઈ ઊંટ એવો છે ખરો કે જે ઊંટણીનું બચ્ચું ન રહ્યો હોય ?'

અને સૌ હસી પડ્યા.

એક વાર એક ઘરડી સ્ત્રી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) પાસે આવી અને કહ્યું,

' રસૂલેપાક (સ.અ.વ.) મારા માટે દુઆ કરો કે મને જન્નત (સ્વર્ગ) મળે.'

આપે થોડી વાર એ ઘરડી સ્ત્રી સામે જોઈ ફરમાવ્યું,

' ઘરડી સ્ત્રીઓ ક્યારેય જન્નતમાં નહીં જાય.'

આટલું કહી આપ તો નમાઝ અદા કરવા જતા રહ્યા. પણ પેલી ઘરડી સ્ત્રી તો આક્રંદ કરવા લાગી. આપ નમાઝ અદા કરી પરત આવ્યા ત્યારે પણ તેનું આક્રંદ ચાલુ જ હતું. આથી હઝરત આઈશા (રદી.) એ કહ્યું,

' આપે જ્યારથી કહ્યું છે કે ઘરડી સ્ત્રીઓ જન્નતમાં નહીં જાય ત્યારથી આ ઘરડી સ્ત્રી રડી રહી છે.'

રસૂલેપાક (સ.અ.વ.) સાહેબે હસતાં હસતાં ફરમાવ્યું,

' હા, મેં કહ્યું કે ઘરડી સ્ત્રીઓ જન્નતમાં નહીં જાય. પણ તેનો અર્થ એમ

થાય છે કે ઘરડી સ્ત્રીઓ જન્નતમાં જવાન થઈને જશે.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાહેબનો ખુલાસો સાંભળી સૌ પ્રસન્ન થયાં.

★★★

**એ**ક વાર હઝરત અબૂ હનફી (ર.અ.) ને કોઈકે પૂછ્યું,

' સૌથી પ્રથમ મુસલમાન કોણ બન્યું ?'

આપે ફરમાવ્યું,

' આઝાદ પુરુષોમાં હઝરત અબૂબક્ર, સ્ત્રીઓમાં હઝરત ખદીજા (રદી.), બાળકોમાં હઝરત અલી (ર.અ.) અને ગુલામોમાં હઝરત ઝૈદ બિન હાસિહ (ર.અ.) સૌ પ્રથમ મુસ્લિમ બન્યાં,

આમ, સૌથી પ્રથમ મુસ્લિમ બનનાર આઝાદ પુરુષ હઝરત અબૂબક્ર (ર.અ.) હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ની વધુ નજીક હોવા છતાં રોજ સવારે પોટલું લઈ કાપડની ફેરી કરવા અચૂક જતા. અને સાંજે હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ની ખિદમતમાં હાજર રહેતા. કાપડની ફેરીમાં આપ ક્યારેય બેઈમાની ન કરતા. આમ છતાં જરૂર મુજબની કમાઈ કરી લેતા. એક વાર આપને કોઈકે પૂછ્યું,

' આપ વેપારમાં કઈ બાબતને ખાસ વળગી રહો છો ?'

આપે ફરમાવ્યું,

' વેપારમાં બેઈમાની અને અસત્યને સ્થાન નથી. વેચવાના માલની ન તો ખોટી તારીફ કરવી, કે ન તો ઓછા દામે ખરીદવા બૂરાઈ કરવી. ઇસ્લામના આ સિદ્ધાંતોને હું ખાસ વળગી રહું છું.'

વર્ષોથી આ રીતે કાપડની ફેરી કરતા હઝરત અબૂબક્ર (ર.અ.) ખલીફા બન્યા, ત્યારે પણ કાપડની ફેરી કરવાનું તેમણે ચાલુ રાખ્યું. આ જોઈ કોઈકે ટકોર કરી,

' આપ ખલીફા જેવા મોટા સ્થાન પર બિરાજમાન છો, હવે તો કાપડની ફેરી કરવાનું છોડો !'

આપે ફરમાવ્યું,

' ખલીફા તરીકે મેં કોમની જવાબદારી સ્વીકારી છે, મારી જવાબદારી કોમ પર નાંખી નથી. મારા કુટુંબના ભરણપોષણ માટે હું ફેરી કરતો રહીશ.'

અંતે કોમના આગેવાનોએ આપને ખલીફા તરીકે એક બકરાની કિંમત જેટલું વેતન આપવાનું ઠરાવ્યું ત્યારે આપે ક-મને ફેરી કરવાનું છોડ્યું.

★★★

શિક્ષણમાં મૂલ્યોનું જતન કરવાની વાતો આજે થાય છે, પણ ઇસ્લામના ઓલિયાઓએ તે પોતાના જીવનમાં કરી બતાવ્યું છે. હઝરત મદની (ર.અ.) અત્યંત જ્ઞાની હતા. તેમના જ્ઞાનથી પ્રભાવિત થઈ અનેક ધનાઢ્ય લોકોએ તેમને ઘર બેઠા આજીવિકા પહોંચાડવાની અનેક વાર દરખાસ્ત કરી હતી. છતાં હઝરત મદની (ર.અ.) મદ્રેસા (શાળા)માં બાળકોને ભણાવી રોજી રોટી મેળવતા. શિક્ષક તરીકે તેમણે પોતાના જીવનમાં કેટલાક સિદ્ધાંતો સ્વીકાર્યા હતા. તેમાંનો એક સિદ્ધાંત હતો,

' જેટલા દિવસ ભણાવો તેટલા જ દિવસની તનખ્વાહ (વેતન) લેવી.'

એક વાર હઝરત મદની (ર.અ.) બિમાર પડ્યા. લગભગ એક માસ સુધી તેઓ મદ્રેસા પર જઈ ન શક્યા. મદ્રેસાના વહીવટકર્તાએ એક માસની બિમારીની રજા ગણી તેમના ઘરે વેતન મોકલી આપ્યું. હઝરત મદની (ર.અ.)એ વેતન પરત કરતાં જણાવ્યું,

' જે દિવસોમાં મેં તાલીમ આપી જ નથી તે દિવસોના પૈસા હું કેમ લઈ શકું ?'

ઘરની આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં પૈસા પરત કરનાર હઝરત મદની (ર.અ.) બિમારીમાંથી ઊઠી શક્યા નહીં અને તેમની વફાત (અવસાન) થઈ. વફાત પછી તેમની તનખ્વાહ તેમની પત્નીને આપવાના ઇરાદાથી મદ્રેસાના વહીવટકર્તા ખુદ તેમના ઘરે ગયા અને ઘરની સ્થિતિને ધ્યાનમાં રાખી વેતન લઈ લેવા તેમનાં પત્નીને વિનંતી કરી. પતિના સિદ્ધાંતોને જીવનમાં પચાવી જાણનાર પત્નીએ નમ્રતાથી પૈસા લેવાનો ઇન્કાર કરતાં કહ્યું,

' આપનો ખૂબ ખૂબ આભાર, પણ જે તનખ્વાહ મારા પતિએ તેમના જીવતા નથી લીધી તે તેમના અવસાન પછી હું ન લઈ શકું.'

આજે શિક્ષણમાં ઘૂસી ગયેલા ધંધાકીય વિચારો સાથે હઝરત મદની (ર.અ.)ના વિચારો નવાઈ પમાડે તેવા અવશ્ય લાગશે, પણ એ સાચા છે એમ કહેવા માટે કોઈ આધારની જરૂર નથી.

★★★

હઝરત હાતમ હાસમ (ર.અ.)ની સત્યનિષ્ઠા, પ્રેમ, સહનશીલતા અને વૈરાગ અદ્વિતીય હતા. ખુદા પરનો તેમનો વિશ્વાસ અપાર હતો એક વાર હજરત હાતમ હાસમ (ર.અ.) ને પરદેશ જવાનું થયું. તેમણે પોતાની પત્નીની કસોટી કરતાં પૂછ્યું,

' મારે પરદેશ જવાનું થયું છે. ચારેક માસ ત્યાં રોકાઈશ. એટલે તારી ખાધાખોરાકી માટે કેટલી સામગ્રીની વ્યવસ્થા કરતો જાઉં ?'

પત્નીએ પતિની ટકોરને પામી જતાં કહ્યું,

' મારી આવરદા (આયુષ્ય) હોય તેટલી ખાધાખોરાકી મૂકતા જાઓ.'

આપે ફરમાવ્યું, ' તારી આવરદા કેટલી છે તેની તો મને ખબર નથી.'

' તો પછી મારી ખાધાખોરાકી પણ આપના હાથની વાત નથી. ખુદા જેને પેદા કરે છે તેના જીવનનિર્વાહની જવાબદારી પણ સ્વીકારે છે.'

અને હજરત હાતમ હાસમ (ર.અ.) મૂછમાં હસી, ચૂપ થઈ ગયા.

એક દિવસ એક અનુયાયી આપને મળવા આપની ઝૂંપડીમાં આવ્યો. આપે તેના ખબર અંતર પૂછ્યા –

' તમને કેમ છે ?'

અનુયાયીએ જવાબ આપ્યો,

' કુશળ અને શાંતિમાં છું.'

આપે ફરમાવ્યું,

' જે કોઈ સંસારની પાર ઊતરી ગયો હોય, તે જ કુશળ કહેવાય. અને જેણે સ્વર્ગીય જીવન જીવી જાણ્યું હોય, તે જ શાંતિમાં હોઈ શકે.'

અનુયાયીને પોતાની ભૂલ સમજાઈ.

એક અનુયાયીએ હજરત હાતમ હાસમ (ર.અ.) સમક્ષ ખુરાસાનના એક અત્યંત ધનાઢ્યનો ઉલ્લેખ કરતાં કહ્યું,

' એ તો ખૂબ કમાયો છે.'

આપે ફરમાવ્યું,

' ધન સાથે તે આયુષ્ય પણ કમાયો છે ખરો ?'

' ના જી. '

' તો પછી એ ધન એના અવસાન પછી એને શું કામ આવશે ? મૃત્યુ પછી તો માત્ર સત્કાર્યોની કમાણી જ કામ લાગે છે.'

★★★

હઝરત ઇબ્રાહીમ અદહમ (ર.અ.) બલ્ખ દેશના રાજા હતા. એક રાત્રે તેમના રાજમહેલમાં કોઈનાં પગલાંની આહટથી તેઓ જાગી ગયા. જાગીને તેમણે જોયું તો એક પ્રકાશનું કિરણ તેમના મહેલના દરવાજા ને દીવાલને ચીરતું તેમની પાસેથી પસાર થઈ ગયું અને તેની સાથે એક અવાજ તેમણે સાંભળ્યો, ' મૂર્ખ, ખુદાની શોધ મહેલમાં ન થાય'.

આ એક વાક્યે તેમનું સમગ્ર જીવન પલટી નાંખ્યું. વેરાન જંગલમાં તેમણે વાસ કર્યો અને ખુદાની ઇબાદત અને લોકસેવાને પોતાના જીવનનો ઉદ્દેશ બનાવ્યો.

એક વાર કેટલાક મક્કાવાસીઓ તેમને શોધતા શોધતા જંગલમાં આવી ચડ્યા અને એક અજાણ્યા મક્કાવાસીએ તેમને જ પૂછ્યું,

' હઝરત ઇબ્રાહીમને અમારે મળવું છે.'

આપે મનોમન મુસ્કુરાતાં કહ્યું,

' એવા પાખંડીને મળીને શું કરશો ? એના કરતાં એટલો સમય ખુદાની યાદમાં લીન રહો ને ?'

આટલું બોલવું અને બધા મક્કાવાસીઓ હઝરત આદમ પર તૂટી પડયા અને તેમને ખૂબ માર્યા. પણ એક મક્કાવાસી તેમને ઓળખી ગયો અને બધાને તેણે અટકાવ્યા. બધાએ તેમની માફી માંગી. ત્યારે આપે ફરમાવ્યું,

'આપે મને માર્યો તે સારું જ કર્યું. મારું મન સાચે જ પાખંડી છે. મેં આપની શ્રદ્ધાની કસોટી કરી, પણ ખુદાએ મારી કસોટી કરી છે.'

એક વાર એક ધનાઢ્ય વ્યક્તિએ એક હજાર દિનારની થેલી હઝરત ઇબ્રાહીમ અદહમ (ર.અ.) ને ભેટ આપી. આપે ફરમાવ્યું,

' હું ગરીબ ગુરબા પાસેથી કશું સ્વીકારતો નથી.'

પેલા ધનાઢ્યએ કહ્યું,

' હું ગરીબ નથી. મારી પાસે અઢળક ધન છે.'

આપે ફરમાવ્યું,

' પરંતુ હજુ વધુ ધનની અપેક્ષા તો તું સેવે છે ને ?'

' હા'.

' અપાર ધન છતાં પણ જેની ધન મેળવવાની ઇચ્છા હજુ જીવંત છે તેને હું સૌથી વધુ ગરીબ ગણું છું.' – આપે ફરમાવ્યું.

એક વાર એક ફકીર પોતાની ફકીરી-ગરીબાઈ પર ખેદ કરતો હતો. આપે ફરમાવ્યું,

' તને ફકીરી વગર કિંમતે મળી છે એટલે તને તેનું મૂલ્ય સમજાતું નથી.'

' ફકીરીનું તે વળી મૂલ્ય હોતું હશે ?' પેલો ફકીર બોલ્યો.

' હા, મેં બલ્ખ દેશનું આખું સામ્રાજ્ય ત્યજી ફકીરી લીધી છે.' અને પેલો ફકીર ચૂપ થઈ ગયો.

★★★

કલ્મએ તૈય્યબ એટલે પવિત્ર વચન. તેને કલમા પણ કહેવામાં આવે છે. દરેક મુસ્લિમ માટે પવિત્ર પાંચ વચનો વારંવાર દોહરાવવાનાં હોય છે. ઇસ્લામના પાંચ મહત્ત્વનાં કલમાઓ કુરાને શરીફની હિદાયત (શીખ) નો સાર છે, હાર્દ છે.

દરેક મુસ્લિમે રાત્રે સૂતા પહેલાં, સવારે ઊઠતા સમયે આ કલમાઓનું મનન કરવું જોઈએ. આ પાંચ કલમાઓનું મનન એ સવાબ (પુણ્ય) છે, બરકતનો જરીયો (નિમિત્ત) છે, ખુદાની નજીક લઈ જવાનો માર્ગ છે. ઇસ્લામના હાર્દ સમા આ પાંચ કલમાઓનો આસ્વાદ માણવા જેવો છે. પ્રથમ કલમામાં જણાવવામાં આવ્યું છે કે,

' માત્ર અલ્લાહ ઇબાદત (ભક્તિ)ને લાયક છે અને મહંમદ તેમના પૈગમ્બર છે.'

બીજા કલમામાં જણાવવામાં આવ્યું છે કે,

' હું ખાત્રી આપું છું કે, અલ્લાહ સિંવાય કોઈની ઇબાદત નહીં કરું, બેશક મહંમદ અલ્લાહના પૈગમ્બર છે.'

આ કલમો દરેક મુસ્લિમ માટે બાંહેધરી સમાન છે. અલ્લાહમાં મૂકેલા વિશ્વાસ-શ્રદ્ધાની સાક્ષી રૂપ છે. ત્રીજા કલમામાં જણાવવામાં આવ્યું છે,

' અલ્લાહ પાક છે. તમામ તારીફ (પ્રશંસા) અલ્લાહ માટે જ છે. તેમના સિવાય ઇબાદત શક્ય નથી. ગુન્હાઓથી બચવું મુશ્કેલ છે, પણ નેકી (સદ્કાર્યો) ની તાકાતથી ખુદાતઆલા આપણને તેનાથી બચાવે છે.'

આ કલમામાં ખુદાની ઇબાદત સાથે સદ્કાર્યોનો સ્વીકાર થયો છે. માનવજીવનનાં નૈતિક મૂલ્યોનો ઇસ્લામે આ કલમામાં સ્વીકાર કરેલ છે. ચોથા કલમામાં જણાવવામાં આવ્યું છે કે,

' અલ્લાહ એક છે. તેની સાથે ઇબાદતમાં કોઈ સામેલ નથી. તે બાદશાહ છે. તમામ ગુણગાન તેના માટે જ છે. તે જ જીવન અને મૃત્યુ આપે છે. જીવન પામનાર દરેક મૃત્યુ મેળવે જ છે. કારણ કે ખુદા સમર્થ સર્વ શક્તિમાન છે.'

આ કલમો જીવનની સચ્ચાઈ વ્યક્ત કરે છે. જિંદગી અને મૌત પામર માનવીના હાથમાં નથી. તે શક્તિ અલૌકિક ખુદાના હાથમાં જ છે. પાંચમા અને અંતિમ કલમામાં જણાવવામાં આવ્યું છે કે,

' ખુદાતઆલા, જે ગુન્હાઓ મેં જાણતા-અજાણતા કર્યા છે, તે માટે તમારું શરણ માગું છુ; તમારી માફી ચાહું છું. અસત્ય, નિંદા, ખરાબ નિયત અને ચાડી ચૂગલ-ખોરીથી ખુદાતઆલા મને દૂર રાખો. આપના સિવાય કોઈ ઇબાદતને લાયક નથી અને મહંમદ આપના રસૂલ છે.'

આ કલમામાં ખુદા પાસે ગુન્હાની ક્ષમા માંગવામાં આવી છે અને અપકૃત્યોથી પોતાને દૂર રાખવા ખુદાને વિનવવામાં આવેલ છે.

ટૂંકમાં, ઇસ્લામના આ પાંચ કલમાઓ ખુદામાં વિશ્વાસ સાથે માનવજીવનનાં નૈતિક મૂલ્યોને જીવનમાં સાકાર કરવા પર ભાર મૂકે છે.

★★★

ઇસ્લામના માનવીય સિદ્ધાંતોને પચાવી તેને આમ સમાજ સુધી પહોંચાડવામાં હઝરત અલી (ક.વ.)નો ફાળો નોંધનીય છે. તેમના વિચારોમાં સરળતા અને નૈતિક મૂલ્યોને વળગી રહેવાની શીખ અસરકારક રીતે વ્યક્ત થાય છે. ઇસ્લામના માનવીય સિદ્ધાંતોને વ્યક્ત કરતી હઝરત અલી (ક.વ.)ની કેટલીક હિદાયતો (શીખામણ) આજે પણ એટલી જ અસરકારક લાગે છે.

– ઇલ્મ (જ્ઞાન) માલ (દોલત)થી બહેતર છે. કેમ કે ઇલ્મ તમારી હિફાઝત કરે છે અને માલની તમારે હિફાઝત કરવી પડે છે.

– ગુનાઓ માટે પ્રાયશ્ચિત્ત કરવું, એ ગુનાઓને ધોઈ નાંખે છે, જ્યારે નેકીઓ પર ગર્વ કરવો, એ નેકીઓને બરબાદ કરે છે.

– જે ઇન્સાન કાલને પોતાના મોતનો દિવસ ગણે છે, તેને મોતના આગમનનો ભય નથી સતાવતો.

– અકલમંદ પોતાને ખાકસાર (તુચ્છ) ગણાવીને બુલંદી (પ્રગતિ) હાંસલ કરે છે, જ્યારે નાદાન પોતાને ઉચ્ચ ગણાવીને ઝિલ્લત (અધઃપતન) નોતરે છે.

– ઇન્સાન માટે અલ્લાહ તરફથી અપાયેલ સર્વશ્રેષ્ઠ દોલત તેની બુદ્ધિ છે, જેની તોલે દુનિયાની કોઈ વસ્તુ આવી ન શકે.

– જાહિલ (અજ્ઞાની) લોકોની તું સંગત ન કરીશ બલ્કે, તું હંમેશા એનાથી ડરતો રહેજે.

– ઇલ્મ (જ્ઞાન) મેળવવા હંમેશા તું તત્પર રહેજે, ઇલ્મ સિવાય બીજો કોઈ મોહ ન રાખીશ. ઇલ્મ વગરનો માનવી જીવતો હોવા છતાં મરેલો છે.

– વ્યક્તિની કિંમત માત્ર તેનાં સદ્‌કાર્યોથી જ અંકાય છે. અજ્ઞાનીઓ હંમેશા જ્ઞાનીઓના દુશ્મન હોય છે.

આપણી ખોટી ધર્માંધતાનાં પડોમાં દટાયેલી આ ઉક્તિઓ હઝરત અલી દ્વારા ઇસ્લામનાં માનવીય મૂલ્યોને વ્યક્ત કરે છે.

★★★

હઝરત અલી (ક.વ.) એટલે જ્ઞાન; ઇબાદત, પવિત્રતા અને શૂરવીરતા ધરાવતું એક એવું વ્યક્તિત્વ, જેણે ઇસ્લામના ઇતિહાસમાં અણમોલ સ્થાન મેળવ્યું છે. ઇસ્લામના અંગીકારમાં એક બાળક તરીકે સૌ પ્રથમ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને પોતાનું સમગ્ર જીવન અર્પણ કરવાની તત્પરતા દાખવનાર હઝરત અલી (ક.વ.) માટે ખુદ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું હતું,

' અલી મારાથી છે અને હું અલીથી.'

સૌથી નાની વયે ઇસ્લામ સ્વીકારનાર હઝરત અલી (ક.વ.) પર હઝરત

મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ને અનહદ વિશ્વાસ અને પ્રેમ હતો. માટે જ રસુલલ્લાહ (સ.અ.વ.) એ હઝરત અલી (ક.વ.) ને યમનમાં કાઝી બનાવી મોકલ્યા હતા.

' આટલી નાની વયે આવો મોટો હોદ્દો હું કેમ નિભાવી શકીશ ?' – એવા પ્રશ્નના જવાબમાં હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ હઝરત અલી (ક.વ.)ના માથે માત્ર હાથ ફેરવ્યો. અને પછી કાઝીના સ્થાને હઝરત અલી (ક.વ.)ને ક્યારેય નિર્ણય કરવામાં મુશ્કેલી ઊભી થઈ ન હતી.

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાથે દરેક જેહાદ (યુદ્ધ)માં ખભેથી ખભો મિલાવી સહકાર આપનાર હઝરત અલી (ક.વ.) માત્ર જંગે તાલૂકમાં રસૂલેપાક (સ.અ.વ.) સાથે હતા. મહેરવાનની છેલ્લી લડાઈમાં મવારીજ સામે તેમણે જાંબાઝ સિપાઈ તરીકે લડત આપી. એ સમયના યુદ્ધના નિયમો મુજબ સાંજે યુદ્ધવિરામ બાદ દોસ્ત-દુશ્મન સાથે નમાઝ અદા કરતા. એક દિવસે નમાઝ અદા કરવા કુફાની મસ્જિદમાં હઝરત અલી (ક.વ.) દાખલ થયા, ત્યારે મસ્જિદના એક ખૂણામાં એક મવારીજ અબ્દુલ રહેમાન જે ગુનેગારનો દીકરો હતો, સૂતો હતો. પોતાના મૌતથી વાકેફ હોવા છતાં હઝરત અલી (ક.વ.) એ પોતાના કાતિલ અબ્દુલ રહેમાન ઇબ્ને મુલઝીમને જગાડ્યો અને કહ્યું,

' નમાઝનો વક્ત થયો છે, ચાલો નમાઝ અદા કરો.'

અને પોતાને કત્લ કરનાર સાથે તેમણે નમાઝ આરંભી. પ્રથમ રકાતના બીજા સજદામાં હઝરત અલી (ક.વ.) ગયા કે તુરત અબ્દુલ રહેમાન ઈબ્ને મુલઝીમે પાછળથી પીઠ પર ધારદાર હથિયારથી ઘા કર્યો અને આપ સજદામાં ઢળી પડ્યા. આપના અંતિમ શબ્દો હતા,

' ફસ્તો રબ્બીલ કાબા'.

અર્થાત્ કાબાના રબ (ખુદા)ના કસમ હું જીતી ગયો. એ દિવસ હતો રમઝાન માસની ૧૯ તારીખ હિ.સ. ૪૦ અને ઈ.સ. તા.૨૯-૧-૬૬૧ ને શનિવાર. બરાબર બે દિવસ પછી આપે છેલ્લો શ્વાસ લીધો. રમઝાન-૨૧ તારીખ હિ.સ.-૪૦ તા.૩૧-૧-૬૬૧ સોમવારના રોજ ૬૩ વર્ષની વયે આપની વફાત થઈ અને આપને ઇરાકમાં નજેફ અશરફ ખાતે દફનાવવામાં આવ્યા.

આપની જિંદગી ઇસ્લામના અનુયાયીઓ માટે આજે પણ એક મિસાલ છે અને કાયનાત (સમગ્ર વિશ્વ) બાકી રહેશે ત્યાં સુધી મિસાલ બની રહેશે.

★★★

હજરત હયહયા (ર.અ.) રીડસના રહેવાસી હતા. કઠિન ઇબાદત છતાં સદા પ્રફુલ્લિતતા એ તેમનું આગવું લક્ષણ હતું. સત્ય વચન કહેવામાં સગા ભાઈની પણ શરમ ન રાખનાર હજરત હયહયાને તેમના ભાઈએ એક વાર મક્કાથી પત્ર લખ્યો -

' મારા જીવનની ત્રણ અભિલાષાઓમાંથી હાલ બે પૂર્ણ થઈ છે. એક અભિલાષા એ હતી કે જિંદગીના છેલ્લા દિવસો પવિત્ર ભૂમિ પર ગાળું. અત્યારે હું મક્કામાં છું. મક્કા જેવા પાક સ્થળે જીવનના છેલ્લા દિવસો ગુજારવાની ખુદાએ તક આપી છે. બીજી અભિલાષા એક વફાદાર ખિદમતગાર (સેવક)ની હતી, જે પણ ફળી છે, હાલ એક દાસી મારી સરસ રીતે સેવા કરે છે. અને ત્રીજી અભિલાષા આપને મળવાની છે. ખુદા તે મુરાદ જલ્દી પૂરી કરે એ જ દુઆ - આમીન.'

પત્ર હઝરત હયહયા (ર.અ.) ને મળ્યો. આપે તેના જવાબમાં લખ્યું,

' તમે લખ્યું છે કે તમારી પ્રથમ અભિલાષા પવિત્ર ધરતી પર જીવનના છેલ્લા દિવસો પસાર કરવાની છે. પવિત્ર સ્થાનમાં રહેવા માત્રથી સંતોષ માનશો નહીં. કોઈ પણ સ્થાનની પવિત્રતા મનુષ્યના કર્મોથી શોભી ઊઠે છે. સ્થાનની પવિત્રતા સાથે સત્કર્મોની પવિત્રતા પણ જરૂરી છે. આપે તો ખુદાના ખિદમતગાર (સેવક) બનવાનું છે. તેના સ્થાને દાસી રાખી આપે તો આપની જ ખિદમત (સેવા) આરંભી છે. એ દાસીને આપની ખિદમત કરવા કરતાં ખુદાની ઇબાદત માટે મુક્ત કરી, ખુદ ખુદાની ઇબાદતમાં લાગી જશો. અને છેલ્લે આપની અભિલાષા મને મળવાની છે. અરે ભાઈ, મને મળવા કરતાં ખુદાને મેળવવાની અભિલાષા રાખજો. જે ધર્મમાં પિતા પોતાના લાડલા પુત્રને ખુદાના નામે કુરબાન કરવા તૈયાર થાય છે, તેમાં મારી ચાહના અસ્થાને છે. માટે ખુદાની ઇબાદત એ જ સાચી અને ઉત્તમ અભિલાષા છે.'

પત્રના જવાબે હઝરત હયહયા (ર.અ.) ના ભાઈની જીવનદૃષ્ટિ બદલી નાખી.

★★★

હિજરી સાલ નવમાં તાબુક મુકામે હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ દુશ્મનો સામે લડવા ફૌજ તૈયાર કરી. પણ હઝરત અલી (ક.વ.) જેવા નિકટના અને વિશ્વાસુ સાથીને હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ યુદ્ધમાં સાથે ન લીધા. અને તેમને સાવ સામાન્ય ગણાતું કાર્ય કુટુંબ કબીલાની દેખરેખ રાખવાનું સોંપ્યું. આથી લોકોને ટીકા કરવાની તક મળી, કેટલાકે તો હઝરત અલી (ક.વ.)ની સામે જ કહેવા માંડ્યું,

' રસૂલે પાક (સ.અ.વ.) તમારામાં કંઈક દૈવત જુએ તો તમને યુદ્ધમાં લઈ જાય ને ! નાહકનો ભાર શું કામ વેઠે ?'

આવા શબ્દો હઝરત અલી (ક.વ.)ના જીગરને કોરી ખાતા અને તેથી હઝરત અલી (ક.વ.) જુસ્સાથી ઊઠ્યા અને તલવાર કેડે બાંધી હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) સાથે યુદ્ધમાં જવા તૈયાર થઈ ગયા. ત્યારે હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું,

' કોઈ કામ નાનું કે મોટું નથી હોતું. વળી તું તો મારો હારૂન છે. ફરક એટલો છે કે મુસા પછી હારૂન પયગમ્બર થયા હતા. પણ હું આખરી પયગમ્બર હોવાથી તું પયગમ્બર નહીં બને.'

હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ના હારૂન એવા હઝરત અલી (ક.વ.) જેવું સંનિષ્ઠ, સર્વાંગી અને સર્વશ્રેષ્ઠ વ્યક્તિત્વ ઇસ્લામની મહામૂલી મૂડી છે. નાનપણથી જ હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.)ની છત્રછાયામાં ઊછરેલ હઝરત અલી (ક.વ.)ની વીરતા, ઉદારતા, મહાનતા અને આધ્યાત્મિક જ્ઞાનથી રસુલેપાક (સ.અ.વ.) પ્રભાવિત થયા હતા. અને પોતાની વ્હાલી પુત્રીના નિકાહ હઝરત અલી (ક.વ.) સાથે કર્યા હતા.

ખાન-એ-કાબામાં ૧૩ રજ્જબ શુક્રવાર તા.૧૧-૧૦-૫૯૯ ના રોજ પિતા ઇમરાન (અબુતાલીબ) (અ.સ.) અને માતા જનાબે ફાતેમા બિન્તે અસદ (રદી)ને ત્યાં જન્મેલ હઝરત અલી (ક.વ.)ને હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) એ 'શેરેખુદા' (ખુદાનો શેર) નો ખિતાબ અમસ્થો નહોતો આપ્યો. હઝરત અલી (ક.વ.)ની વિદ્વત્તા અને આધ્યાત્મિક શ્રેષ્ઠતા તેમણે એક માત્ર લખેલ ગ્રંથ 'નહજુલ બલાગાહ'માં વ્યક્ત થાય છે. તેમાં તેમણે ધરતીનો આરંભ અને પયગમ્બર હઝરત આદમ (અ.સ.)ના જન્મનું વર્ણન કરેલ છે.

★★★

ઇસ્લામના ઓલિયાઓએ પોતાના જીવનમાં ઉતારેલાં મૂલ્યો અને રીતભાતોનો મૂળભૂત આધાર ઇસ્લામનો મહાન ગ્રંથ કુરાને શરીફ છે. કુરાને શરીફમાં ધર્મના સિદ્ધાંતો ઉપરાંત જીવનનાં નૈતિક મૂલ્યો અને જીવન-વ્યવહારનો પણ ઉલ્લેખ છે. આ એ દિવ્ય ગ્રંથ છે જેમાં માનવજીવનનાં વિવિધ પાસાંઓની સમજ આપવામાં આવી છે. જેમ કે કોઈના ઘરમાં કે રૂમમાં દાખલ થતાં પહેલાં અનુમતી મેળવો. અનુમતી વગર કોઈના ઘરમાં દાખલ ન થાવ. ઘરમાં કે રૂમમાં દાખલ થતાં સલામ કરો.

સંયમ અને શિષ્ટાચાર પર પણ ઇસ્લામે ભાર મૂક્યો છે. ઇસ્લામમાં નિકાહ દ્વારા સ્ત્રીને પ્તનીનો દરજ્જો પ્રાપ્ત થાય છે. પત્નીને પ્રાપ્ત થયેલ એ સામાજિક દરજ્જો જરા પણ ખંડિત ન થાય તે જોવાની કાળજી પણ ઇસ્લામમાં લેવામાં આવી છે. નિકાહને કારણે પત્નીનો દરજ્જો મેળવનાર સ્ત્રીને ગુસ્સામાં મજાકમાં કે ટીકાના સ્વરમાં પતિ ''મા'' કહી બેસે તો તે ગુનો છે. માનો દરજ્જો ઇસ્લામે ઇબાદતની સીમા સુધી સ્વીકારેલ છે. પણ પત્નીને 'મા'નું સંબોધન થઈ શકે નહીં. કુરાને શરીફના અઠ્ઠાવીસમાં પારા (પ્રકરણ)ના પ્રારંભમાં જણાવવામાં આવ્યુ છે કે જે વ્યક્તિ ગુસ્સામાં કે અન્ય કોઈ સ્વરમાં પોતાની પત્નીને ' મા' કહી બેસે છે તે પ્રાયશ્ચિત્તને કાબિલ છે, પ્રાયશ્ચિત્ત કર્યા વગર તે તેની પત્નીને અડી પણ ન શકે. આવો ગુનો કરનાર મુસ્લિમે પ્રાયશ્ચિત્ત રૂપે બે માસના રોઝા રાખવા પડશે અથવા સાઠ ગરીબોને ભોજન કરાવવું પડશે.

આજથી લગભગ ચૌદસો વર્ષ પહેલાં પત્નીના સામાજિક દરજ્જાની આ રીતે સ્વીકૃતિ ઇસ્લામે કરેલ છે. આમ પત્ની, બહેન અને મા તરીકેના સ્ત્રીના આ ત્રણ સ્થાનોને તેમના સામાજિક સ્વીકૃત સ્વરૂપમાં જ સ્વીકારવા પર ઇસ્લામે વર્ષો પહેલાં ભાર મૂક્યો છે. ઇસ્લામના આ ધોરણોમાં તબ્દીલી કરવાનો અધિકાર કોઈને નથી. અને તેમ કરનાર ગુનેગાર છે, સજાને પાત્ર છે.

★★★

નમાઝ ખુદા સાથે તાદાત્મ્ય સાધવાનો માર્ગ છે, જ્યારે દુઆ તાદાત્મ્ય સાધ્યા પછી ખુદા પાસે મનોકામના વ્યક્ત કરવાની ક્રિયા છે. ઇસ્લામમાં ખુદા પાસે માંગવાની એક પદ્ધતિ નિર્ધારિત છે. એ મુજબ દુઆ માંગવાથી ખુદા તમારી દુઆ કબૂલ કરે છે.

દુઆની પ્રથમ શરત શ્રદ્ધા-વિશ્વાસ છે. જે ખુદા પાસે આપણે માંગીએ છીએ તેમાં સંપૂર્ણ શ્રદ્ધા-વિશ્વાસ રાખવો જોઈએ. –

' ખુદા કયાં કોઈનું સાંભળે છે ?'

આવું વિધાન કરનારની દુઆમાં વિશ્વાસ-શ્રદ્ધાનો અભાવ હોય છે.

નમાઝ, રોઝા, જકાત અને ખેરાત દ્વારા ખુદાની ઇબાદત કરવામાં આવે છે. આ ઇબાદતનો અર્ક (નિચોડ) તે દુઆ. દુઆ માંગનારે પાક-પવિત્ર થવું જોઈએ. ઇસ્લામમાં વઝૂ દ્વારા શારીરિક પવિત્રતા કેળવાય છે. વઝૂ કર્યા પછી બે રકાત નમાઝ અદા કરવી જોઈએ. મૌલાના બાકિર (અ.સ.) ફરમાવે છે, 'ફર્ઝ નમાઝ પછી દુઆ કરવાથી તે વધુ અસરકારક સિદ્ધ થાય છે.'

નમાઝ પછી બંને હાથો ઊંચા કરી, બે હાથની ખુલ્લી હથેળીઓ જોડી કાબા શરીફ સામે મસ્તક ઝુકાવી દુઆ માંગવી જોઈએ. ઊંચા થયેલા બંને હાથોની ખુલ્લી હથેળીઓ સાચા અર્થમાં ભિક્ષાપાત્ર છે, જેમાં ખુદા તમારી મુરાદ-ઇચ્છા નાંખે છે. કુરાન શરીફમાં કહ્યું છે,

'ઉદઊની અસ્તજીબ બકુમ'.

અર્થાત્ મને પોકારો, દુઆ કરો હું તમને જવાબ આપીશ - તમારી દુઆ કબૂલ કરીશ.

ખુદા પાસે માંગતા પહેલાં તમારા ગુનાઓની માફી માંગો. તમારાં સારાં કૃત્યો જેવાં કે તમારા રોઝા નમાઝ, જકાત, ખેરાતનો ખુદાને વાસ્તો આપો એટલે કે જે કંઈ સત્કાર્ય કરો તે ખુદાને અર્પણ કરો. ખુદા પાસે કરગરો. આજીજી કરો. અને પછી જ દુઆ માંગો. ખુદા પાસે જે દુઆ (ઇચ્છા) માંગો તે ત્રણ વાર દોહરાવો. આવી લાગણીસભર રીતે માંગવામાં આવેલી દુઆ ખુદા અવશ્ય કબૂલ કરશે.

દુઆ માંગ્યા પછી હંમેશા ' આમીન' બોલો. આમીન એ દુઆ કબૂલ થવાની

શ્રદ્ધા છે. આમીન બોલતાંની સાથે જ દુઆ માટે ઊંચા કરેલા બંને હાથોની હથેળીઓ ચહેરા પર ફેરવો.

માનવીની ફિતરત (સ્વભાવ) હંમેશા કંઈક ને કંઈક માંગતા રહેવાની છે. જીવનના ઉતાર-ચઢાવમાં ક્યારેક માનવી માનવી સામે હાથ ફેલાવે છે. ઇસ્લામમાં માત્ર ખુદા સામે જ હાથ ફેલાવવા પર ભાર મૂકવામાં આવ્યો છે.

'માંગીશ તો ખુદા પાસે જ, પામર માનવી પાસે નહીં.'

ઇસ્લામમાં સ્વીકારેલ આવી ખુદ્દારી આપણે સૌ કેળવીશું તો અરસપરસની અપેક્ષાઓથી પીડાતા આ સમાજમાં અવશ્ય સુખ-શાંતિ પ્રસરાવી શકીશું.

★★★

હઝરત અબુબક્ર વાસતી (ર.અ.) છેલ્લા શ્વાસ લઈ રહ્યા હતા. તેમની પથારી પાસે તેમના અનેક અનુયાયીઓ તેમનો અંતિમ ઉપદેશ સાંભળવા ઉત્સુકતાથી ઊભા હતા. એક જણે આપને અંતિમ ક્ષણે વિનંતી કરી,

'કંઈક ઉપદેશ આપો.'

આપે ફરમાવ્યું,

'જીવન અને તેનું રક્ષણ ખુદાના હાથમાં છે.' થોડી વાર અટકી આપે પાછું કહ્યું,

'સમય અને જીવનનો પૂરી સાવચેતીથી સદ્ઉપયોગ કરો.'

અને આ છેલ્લા ઉપદેશ સાથે આપે દુનિયા છોડી.

હઝરત અબુબક્ર વાસતી (ર.અ.) જેવા ઓલિયા દુનિયામાં આંખો ખુલ્લી અને કાન સચેત રાખતા. દુનિયાના સામાન્ય વ્યવહારથી પર (અલિપ્ત) રહેવા છતાં તેમાંથી જ્ઞાન મેળવવાનું તેઓ ચૂકતા નહીં.

એક વાર આપ એક પાગલખાના પાસેથી પસાર થઈ રહ્યા હતા. પાગલખાનાની બારીમાંથી હાથે પગે સાંકળેથી બંધાયેલો એક ગાંડો હર્ષનાદ કરતો હતો. આપે તેને પૂછ્યું,

'અરે ભાઈ, તારા હાથ પગ સાંકળોથી બંધાયેલા છે છતાં હર્ષનાદ શા માટે કરે છે ?'

પેલો ગાંડો બોલ્યો,

'અરે અજ્ઞાની, બંધન તો મારા હાથ પગને છે, મારા અંતઃકરણને નથી. બંધન તો હોય. તેથી શું ? અંતઃકરણને ગમે તે સ્થિતિમાં ખુશ રાખે તે જ સાચો માનવી.'

અને એ ગાંડાને સલામ કરી આપે નત મસ્તકે વાટ પકડી.

એક દિવસ એક અનુયાયીએ આપને પૂછ્યું,

' શું કોઈ ઓલિયા કે ખલીફા હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) થી ચડિયાતા હોઈ શકે ?'

આપે ફરમાવ્યું,

' ઓલિયા કે ખલીફાની શ્રેષ્ઠતાનું છેલ્લું પગથિયું હઝરત મહંમદ પયગમ્બર (સ.અ.વ.) ની ઉન્નતિના પહેલા પગથિયા જેટલી પણ કક્ષા નથી ધરાવતું. પછી ચડિયાતા તો કેવી રીતે થઈ જ શકે ?'

અને પેલો અનુયાયી ચૂપ થઈ ગયો.

★★★

ઈસ્લામમાં પવિત્રતા પર વિશેપ ભાર મૂકવામાં આવ્યો છે. મસ્જિદમાં દાખલ થતા પહેલાં, નમાઝ પઢતા પહેલાં કે કુરાને શરીફને હાથ લગાડતા પહેલા વઝૂ દ્વારા શારીરિક પવિત્રતા કેળવવી પડે છે. વઝૂ એ શારીરિક પવિત્રતા માટેની ક્રિયા છે. વઝૂનો અર્થ થાય છે, ધોવું કે પાક કરવું – વઝૂમાં કાન, નાક, આંખો અને મોં પાણીથી ધોવાં પડે છે. કોણી સુધી હાથ અને ઘૂંટી સુધી પગ ધોવા પડે છે. માથા પર મસાહ (ભીનો હાથ ફેરવવો) કરવો પડે છે. આ ક્રિયા કર્યા પછી જ કોઈપણ ધાર્મિક વિધી થઈ શકે છે.

હઝરત શેખ અબુલખૈર અકતા (ર.અ.) એ એક વાર ભૂલમાં વઝૂ કર્યા. વગર કુરાને શરીફને હાથ લગાડ્યો. આપને તેનું ભાન થતાં આપ ખૂબ દુઃખી થયા. પરેશાનીની હાલતમાં જ આપ બજારમાં પહોંચ્યા. બજારમાં સિપાઈઓએ ગેરસમજથી ચોરીના ગુના બદલ આપની ધરપકડ કરી. આપની સાથે અન્ય વ્યક્તિઓને પણ પકડ્યા હતા. સિપાઈ બધાને એક કતારમાં ઊભા રાખી પૂછ્યું,

' બોલો, તમારામાંથી કોણ ચોર છે ? કોણે આ ચોરી કરી છે ?

આપ તુરત બોલી ઊઠ્યા,

' હું જ ગુનેગાર છું, મેં ગુનો કર્યો છે.'

અને આપને સજા થઈ. આપના બંને હાથોનાં કાંડાં કાપી નાખવામાં આવ્યાં. સજા ભોગવી આપ પાટાવાળા હાથોએ ઘરે આવ્યા આપની આ દશા જોઈ ઘરમાં રોકકળ શરૂ થઈ આપે બધાને શાંત કરતાં ફરમાવ્યું,

' કોઈ જ રડશો નહીં, ખુશી મનાવો વઝૂ કર્યા વગર કુરાને શરીફને અડકવાની સજા મને મળી ગઈ છે. ખુદાએ મને મારા ગુનાની સજા આપી મારા પર રહેમ કરી છે.'

અને આપના હૃદયમાં રહેલાં દુઃખ ને પરેશાનીને હાથની પીડાએ ઓગાળી નાંખ્યાં.

★★★

શેખ મોહમ્મદઅલી હકીમ તિરમિઝી (ર.અ.) એ જીવનમાં એક મકસદ કાયમ કર્યો હતો — કોઈને દુઃખ લાગે તેવું ન કરવુ, ન કહેવું અને ખુદાની ઇબાદત કર્યા કરવી.

આપના સંપર્કમાં આવેલ એક વૃદ્ધ આપને હંમેશા એલફેલ બોલ્યા કરતો. ક્યારેક આપની ઈબાદતની ટીકા કરતો, તો ક્યારેક રહેનસહેનની ટીકા કરે, તો વળી ક્યારેક આપને ગાળો આપ્યા કરે. આમ આપને પરેશાન કરવા પ્રયાસ કરે. પણ આપ તેની પરવા કર્યા વગર ખુદાની ઇબાદતમાં મશગૂલ રહેતા.

આપની ઝૂંપડીમાં એક વાર એક કૂતરી વિયાણી, કૂતરીના નાનાં નાનાં આઠ-દસ ગલુડિયાં ઝૂંપડીમાં રમ્યા કરે. આપ જેવા ઝૂંપડીમાં દાખલ થાય કે કૂતરી કરડવા દોડે. એટલે આપ બહાર નીકળી જાય. આપના મુરીદોને તેની જાણ થઈ. તેઓ દોડી આવ્યા અને કહ્યું,

' આપ કહો તો ઝૂંપડીમાંથી કૂતરી અને તેનાં બચ્ચાંને બહાર ફેંકી દઈએ !'

આપે ફરમાવ્યું,

' ખુદાએ તેને એ જગ્યા બક્ષી છે. તેથી તેને ત્યાંથી દૂર કરવાનો મને અધિકાર નથી.'

મુરીદો (શિષ્યો) આપની વાત સાંભળી ચાલ્યા ગયા. આ વાતની જાણ પેલા ગાળો અને ટીકા કરનાર વૃદ્ધને થઈ. અને આપની સચ્ચાઈ જાણવા તે આપની ઝૂંપડી પાસે આવ્યો. આપ ટાઢના દિવસોમાં ઝૂંપડી બહાર ઓઢ્યા-પાથર્યા વગર સૂતા હતા અને કૂતરી તથા તેનાં બચ્ચાં ઝૂંપડીની હૂંફમાં નિરાંતે સૂતાં હતાં. આ દશ્ય જોઈ તે વૃદ્ધે આપની પાસે માફી માગી ને પોતાની ભૂલ કબૂલ કરી.

Indian Institute of Advanced Study
Acc. No. 130338
Date 14-9-2010
SIMLA

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519-I.I.A.S./2004-25-6-2004-20000.

કબીરા સોઈ પીર હૈ જો જાને પરપીર
જો પરપીર ન જાનહિં સો કાફિર બેપીર

– સંત કબીર

Library IIAS, Shimla
GJ 891.471 5 D 451 K
00130338

SABARMATI ASHRAM
000736 Ahmedabad
KABIRA SOI PIR HAI
GUJ.
MRP : Rs. 10